# અધ્યાત્મ

વર્ષ : ૮ ઓગસ્ટ—૧૯૮૭ અંક : ૧૧



## * સદ્ભાવભરી સહાય *


પ્રભુ પર આધાર રાખનાર માણસને પ્રભુ કદી નિરાશ નથી કરતો. એવું જ કંઇ અમારી આ સદ્ભાવભરી સહાયનું છે. એ સાધકો ને વાંચકોના દિલમાં પ્રેરણા કરતો રહે છે, પરિણામે એ સહાયનો સ્રોત વહેતો જ રહે છે, છેલ્લે મળેલી સહાયની વિગત નીચે પ્રમાણે છેઃ-

રૂા.

૫૦ શ્રી વિનોદભાઇ જોષી, વડોદરા.
૨૫ શ્રી અનુસૂયાબેન ભટ્ટ, વડોદરા.
૨૫ શ્રી ભાવિનીબેન ભટ્ટ, વડોદરા.
૫૧ શ્રી કાન્તિભાઇ બી. પરીખ, વડોદરા. ચિ. દર્શન ધોરણ ૧૦ માં પાસ થતાં.
૧૦૧ શ્રી હરિચંદ્ર હ. જાની, મુંબઈ બેન પ્રેરણાના વેવિશાળ નિમિત્તે.
૫૦ શ્રી યોગેશ પ્રહ્લાદભાઈ પંડ્યા, મુંબઇ પિતાજી હાર્ટએટેકમાંથી ઉગરી જતાં.
૧૧૧ શ્રી ઈશ્વરભાઇ સી. ભક્ત, સુસાબેન મૃદુલાના લગ્ન નિમિત્તે.
૧૫ શ્રી બાળાગૌરી કાશીરામ મોરબી ભાઈ ધર્મેશ M. B. B. S. માં પાસ થતાં.
૧૦૦ એક અનામી સુરતના સાધક તરફથી.
૨૫ બેન ધારિણી રાજકોટ S. S. C. માં પાસ થતાં.
૧૧ શ્રી ચંદ્રકાન્ત પંડ્યા, પૂ. મા ભકતો સાથે પધાર્યાં તે નિમિત્તે.
૧૧ શ્રી સંજય ચંદ્રકાન્ત પંડ્યા, S. S. C. માં પાસ થતાં.
૫૧ શ્રી અશોકભાઇ પટેલ, સુરત પુત્રી S. S. C. પાસ થતાં.
૫૦ શ્રી નીતાબેન જમનાદાસ કલોલા, S. S. C. માં પાસ થતા.

( અનુસંધાન પાના ૫૭ ઉપર )

પરમ પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી



પ્રાકટ્ય : ૧૫-૮-૧૯૨૧ બ્રહ્મલીન : ૧૮-૩-૮૪

સ્થૂલ સ્વરૂપમાંથી આપ વ્યાપક સૂક્ષ્મમાં પ્રવેશ્યા ને પ્રકટ્યા.

## * તારૂં જીવન વેગે વહી જાય *

તારૂં જીવન વેગે વહી જાય,
પ્રેમ કરી પ્રભુને ભજી લે.
મોંઘુ જીવન વેગે વહી જાય,
પ્રેમ કરી પ્રભુને ભજી લે.

સોનાની ખાણ મળે નિર્ધનને જેવી,
મોંઘી છે જિંદગી મળી તને તેવી,
જાણે તો દળદર બધું ય જાય,
પ્રેમ કરી પ્રભુને ભજી લે. તારૂં...

સેના છે નાની ને મોટો મ્હારથી,
રથમાં બેઠેલો છે તેવો મોટો રથી,
તેને સેવ્યે વિજય ખરો થાય,
પ્રેમ કરી પ્રભુને ભજી લે. તારૂં...

દુનિયાના રંગોને જોઈ ના ભૂલતો,
વૈભવ ને વાસનાના જોરે ના ઝૂલતો,
ઝૂલી પ્રભુના પરમ રસ માંહ્ય,
પ્રેમ કરી પ્રભુને ભજી લે. તારૂં...

પાગલ કે' જીવનમાં ભજવાનો સાર છે,
પ્રભુની સાથેજ જેણે જોડેલો તાર છે,
તેને સેવ્યાથી સિદ્ધ બધું થાય,
પ્રેમ કરી પ્રભુને ભજી લે. તારૂં...

—યોગેશ્વર

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૮ અંક : ૧૧ છૂટક નકલ ૨–૦૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂા. ૧૫–૦૦ વિદેશમાં રૂા. ૧૨૫–૦૦ ( વિમાનથી )

**સંસ્થાપક :** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ.

**તંત્રી–સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.

**સહસંપાદકો :** શ્રી નાનુરામ દુધરેજિયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.

**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૯૮૮ બી. સરદારનગર, ભાવનગર–૩૬૪ ૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની ફોન : ૨૮૬૯૩

**મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ ભાવનગર–૧


### લેખકોને નિમંત્રણ

અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપજ લેખો સ્વીકારવામાં આવશે.

લખાણ કાગળની એક બાજુને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિધ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

* 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
* 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
* પત્રવ્યહવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
* 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિ:સંકોચ કરવા અનુરોધ છે.

દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

# * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત (૫) | મા સર્વેશ્વરી | ૩ |
| મહાત્મા શ્રી યોગેશ્વરજી | નારાયણ હ. જાની | ૧૨ |
| અધ્યાત્મયોગ | યોગાચાર્ય શાન્તિકુમાર જ. ભટ્ટ | ૧૭ |
| ગોપીચીરહરણમાં અદ્વૈત | ડો. જે. પી. અમીન | ૨૧ |
| મહર્ષિણી હજરત રાબિયા બસરી | મુરાદખાન ચાવડા | ૨૫ |
| એકવાર, બસ... | ડો. રણજિત પટેલ | ૩૭ |
| 'બિંદુ'ના બાલ–યોગેશ્વર | મહેન્દ્ર ઇ. પંડ્યા | ૩૯ |
| એક સાધકના યોગાનુભવમાંથી (૪) | પુષ્કર ચંદરવાકર | ૪૮ |
| વ્રતોત્સવ (૫) | કલ્યાણ | ૫૦ |
| પ્રકાશનાં પંથે | સં. પરમાર્થી | ૬૨ |





# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

—મા સર્વેશ્વરી

વર્ષ : ૮ ઓગસ્ટ-૧૯૮૭ અંક : ૧૧


## શ્રી યોગેશ્વર કથામૃત (૫)

**મા સર્વેશ્વરી**

૧૭-૮-૧૯૮૦, વિક્રમસંવત ૨૦૩૬.

શ્રાવણ સુદ સાતમ ને રવિવાર

સ્થળ : 'પ્રયાગ' નંદુભાઈ ચા વાળા, નારણપુરા, અમદાવાદ.

નિયમ પ્રમાણે સાડા આઠ વાગે દ્વાર ખુલી જાય છે. દૂધ પીધાં પછી શ્રી બાબુભાઈ વ્હોરા દર્શન માટે પધારે છે. ભાવનગર ક્યારે જવું એ અંગે વાતો કરે છે. વળી પૂ. શ્રી કહેવા લાગ્યા કે ગઈકાલે સાંજની પ્રશ્નોત્તરી સારી થઇ. ઘણાં પ્રશ્નોના તો મેં જવાબ પણ આપ્યા નથી જેવા કે– મારી દુકાન સારી ચાલશે કે નહીં ? મારા લગ્નનું ગોઠવાતું નથી તો ક્યારે મેળ પડશે ? અરે ! આવા પ્રશ્નોના જવાબ તો જ્યોતિષીઓ આપે. અમે તો પ્રાર્થના, જપ, ધ્યાન, પ્રભુ-ભક્તિ, પ્રભુપ્રાપ્તિ માટેના કોઈ પ્રશ્નો હોય તો જવાબ આપીએ. ત્યારબાદ સૌ વિદાય થયા.

જીવનજ્યોત વિદ્યાલયનાં એક શ્રદ્ધાળુ બેન પોતાના ઘેર મને લઈ જવા માટે આવ્યાં હતાં. તેથી ત્યાં જવાનું બન્યું. ત્યાંથી પાછા આવીને રામાયણપાઠ કર્યો.

સવારે ૧૧-૦૦ થી ૧૨-૦૦ ની બેઠક શરૂ થઇ. સૌ ભકતોથી આખો ઓરડો ભરાઈ ગયો. શ્રી સુતરીયાએ ભજન ગાયું ત્યારપછી પ્રશ્નોત્તરી શરૂ થઈ.

પ્રશ્નઃ-કુંડલિની જાગ્રત થાય તે પહેલાં પ્રકાશ દેખાય ખરો ?

પૂ. શ્રીઃ-કુંડલિની જાગ્રત થઈ છે એ અંગેનાં જે લક્ષણો-નો પ્રચાર આજકાલ થઈ રહ્યો છે તે ઢોંગ સિવાય બીજું કશું નથી. કુંડલિની જાગે એટલે નાચવું, કૂદવું, કપડાં કાઢી નાંખવાં, એ નથી. એ તો હિપ્નોટીઝમનો એક ભાગ છે. નિયમિત ધ્યાનસાધના, પ્રાર્થના કે ઈશ્વરકૃપાથી જ્યારે કુંડલિની જાગે ત્યારે શરીર હળવું થાય, દિવ્યદર્શનો થાય, દુર્ગુણો નાશ પામે,ભૂખતરસ ઓછી થાય અને આરોગ્યમય શરીર બની જાય, એવું શાસ્ત્રોમાં વર્ણન છે. અને શક્તિ-સંપન્ન મહાપુરુષો પણ સંકલ્પથી, સ્પર્શથી કે દૃષ્ટિથી સાચો શક્તિપાત કે કુંડલિની જાગ્રત કરી શકે છે, તેનાથી આંતરિક વિશુદ્ધિ થાય છે, મન-વાણી શરીર-પ્રાણ બધુ સાત્ત્વિક બને, ચારિત્ર્ય નિર્મલ બને.

પ્રશ્નઃ-ભગવાનની મૂર્તિ સામે દીવો ને આરતી શા માટે કરવામાં આવે છે ?

પૂ. શ્રીઃ-દીવો હું તો કરતો નથી. હું તો માનું છું કે હું જ દીવો છું. આરતી પણ અંતરના અનુરાગની ઉતાર્યા જ કરું છું. ફૂલો તો પ્રેમ ને ભાવનાનાં પ્રભુને ચઢાવ્યાં કરું છું. હા. આરતી ને દીવો પૂજ્ય પુરુષો માટે અંતરના ભાવો



વ્યક્ત કરવા માટે જરૂરી જણાય તો કરવાં. બાકી ભગવાનનો કોઇ કાગળ એવો નથી આવ્યો કે મને દીવો કરજો. ભગવાનને કંઇ દીવાની જરૂર નથી. દીવો કરવાનું કારણ તો એ છે કે એ દીવાના પ્રતિક દ્વારા આપણું જીવન દીવા જેવું પ્રકાશમય, નિર્મલ, અવિદ્યાના અંધકાર રહિત બને. જ્યોતિના પણ જ્યોતિ પ્રભુ જ છે તો જીવનમાં જ્ઞાનના, દયાના, નિર્ભયતાના, સંપના, સહકારના પ્રેમના, ભકિતના દીવા કરવાના છે. પણ સાપ ગયા ને લીસોટા રહ્યા. જો કે એટલું પણ સારું છે. ઘણીવાર લીસોટા ઉપરથી પણ પગેરૂં શોધાય છે. તેમ દીવા કરતાં કરતાં આવા દીવા પણ દિલમાં પ્રજ્વલિત થાય તે જરૂરી છે.

આરતી એ પ્રેમની ક્રિયા છે. સંસ્કૃતમાં आ શબ્દનો અર્થ ઉલટો કે વિરોધી દિશાસૂચક શબ્દ તરીકે ઉપયોગ કરવામાં આવે છે. જેમકે गम (गच्छ) એટલે જવું પણ आगच्छ એટલે આવવું. गमन એટલે જવું आगमन એટલે પાછા આવવું. એજ રીતે રતિ એટલે પ્રેમ, પ્રીતિ. આપણી પ્રીતિ જે સંસારમાં, વિષયોમાં, લક્ષ્મીમાં, કુટુંબમાં કીર્તિમાં સાધુસંન્યાસીઓ હોય તો આશ્રમમાં, પ્રચારમાં, મઠમાં ચેલાઓમાં જ રમી રહે છે તે રતિને, પ્રીતિ કે પ્રેમને ભગવાન તરફ વાળવી એ આરતી.

પણ ભકત ને ભગવાનની વચ્ચે પ્રેમની એક એવી અવ-સ્થા આવે છે કે બન્ને વચ્ચે પછી કોઇ પદાર્થ, આવરણ, બાહ્યપૂજા કે વસ્તુની જરૂર જ નથી પડતી. તે વસ્તુઓ પછી તેને વિઘ્નરુપ લાગે છે.

નાના વિદ્યાર્થીને પહેલું ધોરણ સારું લાગે. બેસવાની પાટલી, ભણાવનાર માસ્તર ને ઓરડો ખૂબ ગમે. એટલે

ત્યાં જ બેસી રહેવાનું ગમે, એ રીતે પ્રાથમિક સાધક દીવા -આરતી-અગરબત્તી કરે છે. આગળ વધે છે ને દિલમાં દીવો કરતા શીખે છે. સંસાર તરફની રતિને પ્રભુપ્રત્યે વાળવાની છે. સારા વિચારો, સારા કાર્યો ને સારી ભાવનાની આરતી-ઓ નિત્યનિરંતર કરવાની છે. એ રીતે આગળ વધવાનું છે.

પ્રશ્નઃ-પ્રાચીન કાળમાં યજ્ઞો થતા તેનો શો અર્થ ?

પૂ. શ્રીઃ-પ્રાચીન કાળમાં યજ્ઞો થતા પણ પ્રાચીન કાળનું આપણે બધુ જ કાંઈ થોડું અપનાવ્યું છે ? હવે એવા ધુમાડા યજ્ઞો કરતાં, યજ્ઞોની રીત બદલવાની છે. યજ્ઞ એટલે પરમાત્મા સૌમાં છે તેને પ્રસન્ન કરવાની ક્રિયા, તેનું નામ યજ્ઞ. તો માનવમાત્રને પ્રસન્ન કરવા એ પરમયજ્ઞ છે. ગરીબ વિદ્યાર્થીઓને ફીની મદદ કરો, અનાથ બાળકોને તન-મન-ધન પ્રેમ ને હૂંફ આપો, ઉનાળામાં ચંપલ વિનાનાને ચંપલ આપો, ઠંડીની ઋતુમાં વસ્ત્રવિનાનાને કપડાં-ધાબળા આપો, ધ્યેયહીનને માર્ગદર્શન આપો, નિરાશ થયેલાને ઉત્સાહ આપો, રોગીઓની સેવા-દવા-પ્રેમ કરીને મદદ કરો. તમારે યજ્ઞ કરવા જ હોય તો કરોને આવા યજ્ઞો. પણ આ યજ્ઞો, નિષ્કામભાવે કરવાના. આ પાદરીઓ યજ્ઞ જ કરી રહ્યા છે. માંદાની સેવા, બાળકોને ભણતર પણ સાથે સાથે ધર્માન્તર પણ ખરૂં. આવું ન હોવું જોઇએ.

સમય પૂરો થઇ ગયો જેથી પૂ. શ્રીએ વડોદરા ધ્યાન-કેન્દ્રના નાનકડા શ્રદ્ધાળુ યુવાન રાજુભાઇને કંઈક બોલવાની આજ્ઞા કરી, જેથી તેમણે ટૂંકાણમાં સુંદર વાતો કરી. સૌ વિદાય થયા.

ભોજન લીધા પછી એક મિત્ર જેમ બીજા મિત્રને સલાહ આપે તેમ પૂ. શ્રીએ શ્રી રાજુભાઇને સુંદર સલાહ આપી.



શ્રી જીતુભાઈ વ. વડોદરા જવાના હતા, તેમણે થોડા ફોટા-ઓ લીધા. પછી પૂ. શ્રી આરામ કરે છે.

આજે સાંજની બેઠકમાં બધા ભક્તો સારી રીતે બેસી શકે તે માટે થોડી વ્યવસ્થામાં ફેરફાર કર્યો. પૂ. શ્રી ખુરશીપર બિરાજમાન થયા. સાંજે ચાર વાગે પૂ. શ્રીના થિયોસોફી સોસાયટી સુરતમાં થયેલા પ્રવચનની ટેપ શ્રવણનો કાર્યક્રમ નીચે રાખેલો હતો તે પૂરો થતાં સૌ છ વાગ્યે ઉપર આવી ગયા.

પૂ. શ્રીએ કોઈ ભજન ગાઓ એમ કહી જીવનજ્યોત વિદ્યાલયના બેન શ્રી પદ્માબેન ત્રિવેદીને ભજન ગાવાની સૂચના કરી. તેમણે પોતાનું બનાવેલું એક સુંદર ભજન ગાયું. ત્યાર પછી શ્રી સુતરીયા-( જેઓ હમણાં જ એન્જિનિયરની ડીગ્રી લઇને હવે નોકરીની તૈયારીમાં છે. તેઓ શ્રદ્ધાળુ યુવાનવર્ગના એક મહત્ત્વના અંગ છે.) તેમણે એક ભજન ગાયું, બે દોહાઓ પણ ગાયા. પછી પૂ. શ્રીએ જ વાર્તાલાપ શરૂ કર્યો.

તમે જે ટેપપ્રવચન સાંભળ્યું તે થિયોસોફી સોસાયટીમાં થયું હતું. તે સાથે થોડી મારી વાતો કરી, જેમાં શાળામાં પ્રમાણિકતા-ઉદારતા ને વિદાયની વાતો કરી. વાર્તાલાપ અંગેની, કપુરાની વાતો કરી. ત્યારબાદ પ્રશ્નોત્તરી શરૂ થઈ.

પ્રશ્નઃ-જગદંબાનાં કેટલાં રૂપ ?

પૂ. શ્રીઃ-પરમશક્તિ એક જ, પણ સામાન્ય રીતે ત્રણ રૂપો, મહાકાલી, મહાલક્ષ્મી, મહાસરસ્વતી. (ગમ્મત કરતાં) માણસમાં પણ ત્રણે જોઇએને. ગમે તેવો વિદ્વાન હોય પણ વ્યવહારિક કાર્યોમાં લક્ષ્મી પણ જોઇએ જ ને. જીવન

જરૂરિયાતની વસ્તુઓ મેળવવી તે જરૂરી છે, ભકતો મારૂપે દર્શન માંગે તો એજ ઓરડામાંથી સાડલો પહેરીને મા બનીને આવે. ભકતો બાપરૂપે દર્શન માંગે તો એજ ઓરડામાંથી પીતાંબર પહેરીને બાપ બનીને આવે. એક જ પરમશકિત વિવિધરૂપે દર્શન દે. અમને ઘણાં યોગેશ્વરજી, ઘણાં વળી બાપજી, અમારા બાબુભાઈ જેવા સ્વામીજી કોઈ વળી મહાત્માજી કહે છે તો પણ અમે એક જ છીએને! એમ તત્ત્વમાં ફેર નથી.

પ્રશ્નઃ-ધ્યાન વખતે મનને સ્થિર રાખવું શું અઘરું છે?

પૂ. શ્રીઃ-ભાગવતમાં ઉદ્ધવજી ને ગીતામાં અર્જુન એવું જ કહે છે. એના બે રીતે જવાબ આપી શકાય. કોઈ પૂછે કે મારે ભવસાગર તરવો છે. તો એક જવાબ આપી શકાય કે "તર્યો, તર્યો હવે તારું મોઢું જ બતાવે છે ને? તું શું તરી શકવાનો? આ નિરાશાજનક જવાબ છે. બીજી રીતે જવાબ આપી શકાય કે તમે ભવસાગર તરવા માંગો છો? તમારા કપાળમાં તેજ લખાયું છે. તમે જરૂર તરી શકશો. ગુરુ મળ્યા છે? હા, તો વીસા મળી ગયો. હવે મુસાફરી કરવાનો પ્રયત્ન જ બાકી છે. મુશ્કેલ લાગે છે તો અમને પણ એ પ્રયત્ન મુશ્કેલ લાગ્યો હતો. આ આશાવાદી જવાબ છે.

ધ્યાનમાં મન સ્થિર કરવા ચાર યુકિત છે. એક પ્રભુને પ્રાર્થના કરવી કે હે પ્રભુ! મારા મનને સ્થિર કરો ને! બીજું જેનું ધ્યાન ધરીએ તેની સામે (તેમની તસ્વીરની સામે) જોયા કરવું, ત્રીજું શ્વાસપ્રશ્વાસનું નિરીક્ષણ કરવું. ચોથું જીભને તાલુપ્રદેશમાં લગાડી ઉલટાવીને જપ કરવા.



પ્રશ્નઃ-કુંડલિની શકિત ષટ્ચક્રો છેદે પછી જીવાત્માનું શું થાય?

પૂ. શ્રીઃ-શું જીવાત્મા એમ કહે કે ચાલ ત્યારે, હું ચા પી આવું? ના. જીવાત્મા શરીરની અંદર જ રહે છે.

પ્રશ્નઃ-સારી ભૂમિકા એટલે શું?

પૂ. શ્રીઃ-સૌથી સારી ભૂમિકા ચોવીસ કલાક સાત્ત્વિકતા ને પરમાત્મભાવ રહે તે ગણી શકાય.

પ્રશ્નઃ-ભગવાનના કયાં રૂપો મારી સાધના માટે ઉત્તમ છે?

પૂ. શ્રીઃ-(પોતાની રમુજી શૈલીમાં જ્ઞાન સાથે ગમ્મત આપતાં કહે છે) એક ભાઇ મારી પાસે આવ્યા. યોગેશ્વરજી મેં ચાર પાંચ કન્યાઓ જોઈ પણ પસંદગી કરી શકતો નથી તો તમે પસંદ કરી આપો (સૌનું હાસ્ય). મેં કહ્યું, પરણવું મારે છે કે તમારે? (ફરી હાસ્ય) પેલા ભાઇએ કહ્યું-'મારે'. તો પછી મારી પસંદગી ચાલે ખરી? શાકભાજીની દુકાને તમે જાઓ તો શાકભાજી તમે પસંદ કરો કે દુકાનવાળો? એ રીતે મુરતિયા ઘણા છે, શાક ઘણાં છે જે પસંદ પડે તે સ્વીકારી લો. રામ, કૃષ્ણ, જગદંબા, હનુમાનજી, ગણપતિ કેટલાંયે વિવિધરુપો છે. તમે સ્વરૂપ પસંદ કરી લો ને સાધના શરૂ કરો. અમે મદદ કરી શકીએ, પણ નિર્ણય તમારે લેવાનો. આદર્શ ગુરુ સાધકને મનપસંદ મંત્રો આપે છે, પોતાની પસંદગીનો નહીં.

પ્રશ્નઃ-આપ જે કક્ષાએ છો તે કક્ષાથી કોઇ આગળની કક્ષા ખરી? આ કક્ષાથી તમને સંતોષ છે?

પૂ. શ્રીઃ-મારી જે કક્ષા છે તેનાથી આગળ કોઇ કક્ષા જ નથી. ગુજરાત, ભારત કે વિશ્વમાં પણ એ કક્ષાના કોઇ હશે

કે કેમ તે પ્રશ્ન છે. સંતોષી નર તે સદા સુખી એટલે સંતોષ છે. હજી અમારી રીતે ઘણું કાર્ય કરવાનું છે તે તમે નાના છો તેથી નહીં સમજાય.

પ્રશ્નઃ-હિમાલયમાં સિદ્ધસંતોનાં દર્શન થયાં પણ આપને વસ્તીમાં વસતા સિદ્ધપુરુષોનાં દર્શન થયાં છે ખરાં ?

પૂ. શ્રીઃ-હિમાલયમાં સંતો જોયા પણ વસ્તીમાં રહેતા સંતોને પણ જોયા છે. વડોદરામાં બાજવાડામાં રહેતા સમર્થ સંતપુરુષ ( જેમનું શરીર શાંત થઇ ગયું છે તે ) સરસ્વતીનંદન અન્નદાતાને જોયા હતા. વળી મુંબઈ પાસે ગણેશપુરીના સમર્થ સંતપુરુષ નિત્યાનંદને જોયા છે. સસ્તુ સાહિત્યવાળા પ્રવૃત્તિ વચ્ચે રહેનારા ભિક્ષુ અખંડઆનંદને જોયા છે દહેરાદુનમાં ગૃહસ્થીસંત એ રીતે સ્ત્રીસંત પણ છે. જેમ કે સાકોરીમાં ગોદાવરીમાતા, પૂનામાં ઇન્દિરાદેવી વિ. પણ છે.

વચ્ચે જ શ્રી સુતરીયા એક પ્રશ્ન પૂછે છે કેઃ-

પ્રશ્નઃ-સર્વેશ્વરી મા પણ એ સ્થાનમાં આવે ને ?

પૂ. શ્રીઃ-હા. માનું સ્થાન પણ આવે જ ને. હું ઘણીવાર કહું છું કે ૧૯૪૫-૪૬ માં જોયેલાં એક જાણીતાં સ્ત્રીસંત કરતાં તો ઘણી સારી ભૂમિકા એમની છે. અને દશેક વરસમાં હજી સર્વેશ્વરી મા ખૂબખૂબ આગળ વધશે. એમનું ભાવિ ખૂબ ઉજ્જવલ છે. ગુજરાતમાં જ નહીં આખા દેશમાં સ્ત્રીસંતોમાં તેઓ મોખરે રહેશે.

સમય થઈ ગયો. ભજન ગાવાની સૂચના મળતાં 'પ્રભુ મને પાજો રે પ્રેમનો પ્યાલો' એ ભજન ગવડાવ્યું, સુતરીયાએ બે ભજનો ગવડાવ્યાં. સૌ ભકતો વિદાય થયા. શ્રી બાબુભાઈ સાથે સાંજના અલ્પાહાર સમયે થોડી વાતો થઈ. પૂ. શ્રીને



મળેલી ભેટ રકમો મસુરીની સરસ્વતી શિશુવિહાર નામની શાળામાં મોકલવાની વાતો થઈ. હરિૐ સાથે શ્રી બાબુભાઇ વિદાય થયા. પૂ. શ્રી આરામ કરે છે.

જન્મોત્સવ નિમિત્તે ભેગા થયેલા વિવિધ શહેરના ભાવિકો એક પછી એક વિદાય થઈ રહ્યા છે. દિવ્યપ્રેમ ને સત્સંગનું ભાથું લઈને સૌ છૂટા પડે છે. અમદાવાદનો નવો ઉતારો બધી રીતે અનુકૂળ છે પણ દાદરના પગથિયાં ઘણાં છે એજ તકલીફ છે. હરિૐ.

કોઈ પણ જાતની નડતર વગરનો રસ્તો જો તમે શોધી શકો—તો કદાચ એ કયાંય નહિ જતો હોય.

IS:10001

ઓ. ૨૮૪૧૭
ફે. ૮૭૨૨૩
ઘ. ૪૧૪૩૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હૉ. પા.

-: બનાવનાર :-

કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ

ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૨

માનવમાં રહેલી સર્વોત્તમતાના પ્રતીક

# મહાત્મા શ્રી યોગેશ્વરજી

નારાયણ હ. જાની

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી જેવા યુગપુરુષોનું પ્રાકટ્ય સેંકડો વર્ષોમાં એકાદવાર થતું હોય છે. આમ તો કોઈ પણ સંત પુરુષનો પ્રાદુર્ભાવ મહી માટે મંગલકર્તાજ હોય છે, કારણ કે તેઓનું જીવન કાર્ય સર્જનહારની સૃષ્ટિમાં વધારેમાં વધારે સંવાદ ફેલાય, સૃષ્ટિના માનવો જ નહિ પરંતુ સર્વજીવો સુસંવાદિતાથી જીવે ને રહે, માનવો પરસ્પર પ્રેમ, સહકાર અને સહિષ્ણુતાથી જીવે–અને માનવ પ્રભુના માર્ગે આગળ વધી પોતાનું કલ્યાણ સાધે અને બીજાઓને સહયોગ પ્રદાન કરે એવું મંગલમય હોય છે.

પ. પૂ. શ્રી યોગેશ્વરજી આ બધા જ ઉમદા હેતુઓ માટે જીવ્યા. પોતાના જીવનને એમણે સાચા અર્થમાં યજ્ઞમય બનાવ્યું. જીવનના છેલ્લા શ્વાસસુધી એ આદર્શને વફાદાર રહીને જીવ્યા અને પ્રભુના મંદિરના પવિત્ર સ્થાનમાં, પ્રભુના મંગલ નામનો મહિમા સમજાવતાં, આ પાર્થિવ તનુનો પરિત્યાગ કર્યો. કરોડોમાં કોકને જ પ્રાપ્ત થાય એવું મૃત્યુ. કેવું મંગલમય મૃત્યુ !

કોઈપણ મહાપુરુષની મહત્તાનો આંક કદી એમની પાછળ કેટલા માનવ ટોળાં ફરે છે, એના પરથી ના નીકળે. એમની સાચી મહત્તા એમની સાધના, એના ફલસ્વરૂપ પ્રાપ્ત થયેલી ઉચ્ચ સ્થિતિ, એમની ભાવના, ત્યાગ, તપસ્યા અને જેવી માન્યતા એવું જ એકરૂપ આચરણ એમાં રહેલી છે. પછી ભલેને એમને પાંચ પચાસ માણસોજ ઓળખતા હોય–અગર તો કોઈ એકાંત નિર્જન સ્થળમાં એ વાસ કરતા હોય. એથી



એક સંત તરીકેની એમની મહત્તા જરાય ઓછી થતી નથી.

એક ગરીબ બ્રાહ્મણ પરિવારમાં જન્મ લઈ, તેઓ મુંબઈના અનાથાશ્રમમાં રહી ભણ્યા. સાથે આત્મિક કલ્યાણનો માર્ગ અપનાવી, ભવિષ્યની ભારે તપસ્યા માટે જીવનનો પાયો દૃઢ કરતા રહ્યા. માત્ર ૨૧ વર્ષની વયે હિમાલય જેવા પ્રદેશમાં વસી, સાધના કરતા રહ્યા. કોઈ લૌકિક ગુરુની દેખીતી સહાય કે માર્ગદર્શન સિવાય, ઈશ્વર જ કે મા જગદંબા જ આપણા ગુરુ ને ઈષ્ટ છે એ ભાવથી એકલવ્યની જેમ સાધનાના સર્વોચ્ચ શિખર પર આરૂઢ થયા, મા જગદંબાનું પ્રત્યક્ષ દર્શન પામ્યા એટલું જ નહિ પણ એનું સતત સાન્નિધ્ય પ્રાપ્ત કરી, સમગ્ર જીવન વ્યવહારની લગામ એના હાથમાં સોંપી દીધી. સર્વ સમર્પણ પ્રભુ ચરણે કરી દીધું–એના હાથના હથિયાર બની જીવ્યા.

એમનું સાધનાત્મક જીવન કોઈપણ મનુષ્યને પ્રેરણા પાનારૂં તેમજ "ગુરુ વિના ગતિ નહિ"ની સર્વસામાન્ય લૌકિક માન્યતાને પડકારરૂપ કહી શકાય. પુરુષાર્થ વડે મનુષ્ય આત્મિક માર્ગે આગળ વધી શકે છે. સાચા પુરુષાર્થીને પ્રભુ કે પ્રભુના દિવંગત સંતો માર્ગદર્શક થતા રહે છે એ ભારતીય ધાર્મિક માન્યતાને પુષ્ટિ આપનારા એમના અનુભવો છે.

પ્રભુને પ્રાપ્ત કરવાના અનેક માર્ગો છે. જ્ઞાન, યોગ, ભક્તિ ને કર્મ. આ બધાંમાંથી એમણે ભકિતનો સ્વીકાર કરી, કેવળ પ્રાર્થના એજ સાધનાના સૂત્રને ચરિતાર્થ કરી બતાવ્યું. એમની આધ્યાત્મિક સાધનાના ઇતિહાસનાં પાનાં આવી પ્રાર્થનાના હૃદયવેધી પોકારોથી ભરેલાં છે. એ માનવને કહે છે કે તારી પાસે ભલે જ્ઞાન, યોગ કે વિદ્વત્તાની શકિત ન હોય, પણ એકમાત્ર સરલ હૃદય, પ્રભુના અસ્તિત્વની અને એની મંગલમયતામાંની શ્રદ્ધા હોય તો બીજા કશાની જરૂર

નથી. તારા દિલનો પોકાર પ્રભુ પ્રત્યક્ષ છે એમ માનીને પડતો રહે–એ અંતરયામી છે, સર્વવ્યાપક છે ને સર્વશક્તિમાન છે, જરૂર સાંભળશે. એને યથાસમયે પ્રત્યુત્તર વાળશેજ. આ માર્ગમાં નિરાશ થઈ અટકી ગયે ચાલે એમ નથી. એમણે જ ગાયું છે :-રે મન, કદી નિરાશ ન થા.

આવે પાસ નિરાશા તોયે, આશાનું ગીત ગા.–રે મન...

અન્ય આધ્યાત્મિક મહાપુરુષો કરતાં એમની વિશેષતા એ રહી છે કે એમણે છેક બાળપણથી પોતાની આધ્યાત્મિક સાધના અને એ માર્ગે થતા અનુભવોની કડીબદ્ધ નોંધ રાખી છે. વળી પોતાના આધ્યાત્મિક અનુભવોને એમણે તટસ્થતાથી ચકાસ્યા છે ને જ્યાં ને જ્યારે જેવું અનુભવાયું તેવું નોંધ્યું છે. તેઓએ પોતાના જીવનમાં સાચો વિજ્ઞાનમય ને બુદ્ધિગમ્ય દૃષ્ટિ કોણ અપનાવેલો. પરિણામે એમને લાભ જ થયો છે. એમણે એ વાત વારંવાર કહી છે કે જીવનનું લક્ષ્ય ઊંચું રાખો. એને સિદ્ધ કરવાના પ્રામાણિક પ્રયત્નોમાં સતત લાગી રહો. તમારે માટે જે મંગલ હશે તે પ્રભુ કરશે જ, એ વિધાનમાં શ્રદ્ધા રાખો. કદીક તમારી ઈચ્છા પ્રમાણે ના થાય, તો નિરાશ ના થાઓ. એને પ્રભુની ઈચ્છા માની સ્વીકારી લો, સમાધાન કરી લો ને પ્રભુ સાથેનું અનુસંધાન સતત જાળવતા રહો. તમારા ભાગ્યમાં જે હશે ને પ્રભુને જે મંજુર હશે, તે થશે જ, થશે-એ વિધાનમાં દૃઢ વિશ્વાસથી જીવનમાં કદી અસંતોષ કે પરિતાપ નહિ રહે.

માનવમાત્ર માટે પૂ. શ્રીની એ શીખ કે જીવનમાં બહિર્મુખતા અટકાવો. અંતરમુખ થાઓ. જીવનમાં મનની શાંતિ ને સ્થિરતા પ્રાપ્ત કરવી હશે, તો શાંતિથી એકાંતમાં બેસવાની ટેવ પાડવી પડશે. એ માટે બાહ્ય ત્યાગ કરી વનમાં જવાની જરૂર નથી. જ્યાં છો ત્યાં રહો. પ્રભુનુ જ કામ કરો છો એ



ભાવના રાખી પોતાની ફરજ બજાવતા રહો. તો જીવનમાં તમે ભલે બીજુ કશું ન મેળવો, પણ તમને માનસિક શાંતિ ને આત્મસંતોષ તો અવશ્ય મળશે, જેની કિમ્મત કરોડો રૂપિયાથી પણ આંકી શકાય તેમ નથી.

પૂ. શ્રીનું જીવન જ એમનું કવન હતું. એ સાદાઇના ઉપાસક, સરલતાના હિમાયતી, ઓછામાં ઓછી જરૂરિયાતવાળું સાદગીભર્યું એમનું જીવન, સંપત્તિનો સંચય નહિ, છતાં જરૂર પૂરતી સંપત્તિનો આવશ્યકતા અનુસાર સ્વીકાર. આવો વિવેકપૂર્ણ વ્યહવાર, જે આજના યુગમાં બહુ ઓછો જોવા મળે.

પ્રાર્થનાને જીવનની સાધના તરીકે અપનાવી; પરંતુ જ્ઞાન અને યોગની ઉપાસના જીવનમાં ખરી. ગીતા, ઉપનિષદો અને બ્રહ્મસૂત્રના ગ્રંથો કઠસ્થ અને પાતંજલ યોગદર્શનનો તલસ્પર્શી અભ્યાસ, યમ-નિયમ આસનો, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિના અષ્ટાંગયોગનો સ્વાનુભવ. આમ ભક્તિપૂર્ણ 'મા જગદંબાની ઉપાસના છતાં જ્ઞાન અને યોગને સંપૂર્ણ આત્મસાત કર્યાં. તો વળી કર્મનો મહિમા પણ જીવનમાં ગાયો અને આચરી બતાવ્યો. સત્કર્મોનું સમજપૂર્વકનું જીવનમાં સતત અનુષ્ઠાન. રોજ રોજ ત્રણ કલાકનું લોકહિતાર્થે લખાણ, પાસે આવનારાંઓની શંકાઓનું સમાધાન, અને માર્ગદર્શક પ્રવચનોથી જનજાગૃતિનો અને સાચા ધર્મની સમજનો પ્રચાર. આ એમના જીવનનો કર્મયોગ. એટલે એક ભક્તનું જીવન, છતાં જ્ઞાન, યોગ, ભક્તિ અને કર્મની ઉપાસનાનું સમન્વયભર્યું જીવન. પરિણામે એક સમન્વયકારી મહાન સંત તરીકેની અદ્ભુત દૃષ્ટિ.

પૂ. શ્રી કદી એકાંગી નહિ. જીવનભર તેઓ સત્ય, સારૂં અને સુંદરના ઉપાસક રહ્યા. બધા જ ધર્મો અને દેવો પ્રત્યે

આદર. સહુના પ્રત્યે સહાનુભૂતિ. સહુને વંદે અને સહુને સહયોગ પ્રદાન કરે.

બાળપણની ગરીબાઈ અને સાધનાત્મક જીવન દરમ્યાનની કઠનાઇઓના અનુભવ છતાં, જીવનમાં સંપત્તિ, સાહ્યબી તેમજ બાહ્ય સુખ પ્રત્યે જરાય આકર્ષણ નહિ. મનથી બધાથી અલિપ્ત. જીવનની એકમાત્ર આસક્તિ પ્રભુમાં જ.

વિશ્વબંધુત્વની ભાવનામાં માને, છતાં રાષ્ટ્રભાવનાથી ભરપૂર એમનું જીવન. ખાદીને ભારતીય સંસ્કૃતિના અને આર્થિક સમાજ રચનામાં ગરીબો સાથેના સેતુરૂપ માની ધારણ કરે. સાદાં સ્વચ્છ ને આવશ્યકતા જેટલાં જ કપડાં રાખે. કશાનો વળગાડ નહિ, કશાનો ભાર નહિ. હંમેશાં હળવાફૂલ જેવા. દેશની આઝાદી માટે હિમાલયનાં એકાંતોમાં વસી, એમણે દિવસો સુધી પ્રાર્થના કરી છે. આવો એમનો રાષ્ટ્રપ્રેમ.

ત્યાગી થનાર માણસોને એમની મહત્ત્વની શીખ. જે નવરાશને પચાવી, સમયનો સાધનામાં ઉપયોગ કરી શકે, તેજ ત્યાગને દીપાવી શકે. બાકી કપડાં બદલવાથી ત્યાગી થવાતું નથી. હૃદયમાં રહેલા રાગોનો જ્યાં સુધી ત્યાગ ન થાય, ત્યાં સુધી સાચો ત્યાગ સંભવી શકતો નથી. કપડાં બદલવાથી નહિ, પણ મન બદલવાથી જ મનના રાગદ્વેષો ને આસક્તિ દૂર કરવાથી, ત્યાગી બની શકાય છે. એથી જ એમણે જીવનભર સાદાં સફેદ ખાદીનાં કપડાં ધારણ કર્યાં.

તેઓએ પોતાના જીવનમાં માતાના ઋણનો સ્વીકાર કરી એક આદર્શ માતૃભક્ત સંતનું ઉદાહરણ પૂરૂં પાડયું છે. પોતાનાં વિધવા માતાને જીવનના છેલ્લા શ્વાસ સુધી-બત્રીસ વર્ષ સુધી-સાથે રાખ્યાં. દેશમાં કે વિદેશમાં હંમેશ પોતાની સાથે રાખી માતૃભક્તિનો સંદેશ જીવનમાં આચરી બતાવ્યો.

( અનુસંધાન પાના ૬૧ ઉપર )



# અધ્યાત્મયોગ

યોગાચાર્ય શાન્તિકુમાર જ. ભટ્ટ

અધ્યાત્મ શબ્દ અધિ તથા આત્મન્ શબ્દ ઉપરથી બનેલો છે. અધિ અહીં વિશેષ સંબંધના અર્થમાં પ્રયોજ્યો છે. અધ્યાત્મ એટલે આત્મા સંબંધી. અધ્યાત્મયોગ એટલે આત્મા સંબંધી યોગ. અધ્યાત્મયોગમાં પ્રથમ આત્માની આસપાસની અશુદ્ધિ દૂર કરી આત્મધ્યાન કરવાની યોગ્યતા કેળવવામાં આવે છે જેથી બ્રહ્મસાક્ષાત્કારનો માર્ગ સ્પષ્ટ થાય. આવો આત્મભાવ તે જ સ્વનો-આત્માનો ભાવસ્વભાવ કહેવાય છે અને તેને જ શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં અધ્યાત્મ કહેલ છે. શ્રીધરની ટીકા પ્રમાણે આત્મા બ્રહ્મનો અંશ હોઇ તે જીવસ્વરૂપે કહેવાય છે. આ જ આત્મા જીવરૂપે દેહનો આધાર લઈ ભોગવનાર ગણાય છે. આ આત્માને લગતું જ્ઞાન અધ્યાત્મ કહેવાય છે.

આમ અધ્યાત્મયોગ એની પ્રારંભિક અવસ્થામાં આત્મદર્શન, આત્મસાક્ષાત્કાર, આત્માનુભૂતિની સાધના છે. જે આવી રીતે આત્મદર્શન, આત્માનુભૂતિ કરે છે તે જ પરમાત્મદર્શન, પરબ્રહ્મની અપરોક્ષાનુભૂતિ સહજ રીતે કરી શકે છે. કુશળ ડોકટર સ્ટેથોસ્કોપ મૂકી રોગ જાણી જાય છે અને કુશળ વૈદ્ય નાડીની પરીક્ષા કરી સમગ્ર શરીરની સ્થિતિ જાણી જાય છે એવું જ આ આત્માનુભૂતિનું છે.

પણ આ સર્વમાં સહુથી પ્રથમ અગત્ય આત્મા વિશે જ્ઞાન પ્રાપ્ત કરવાની છે. આત્મા દેહધારીઓના દેહમાં તથા મનમાં ચાલતી તમામ સ્થૂલ તથા સૂક્ષ્મ ક્રિયાઓને ચોક્કસ હેતુપૂર્વક વ્યવસ્થિત રીતે ચલાવનાર કોઈ સૂક્ષ્માતિસૂક્ષ્મ

અસ્તિત્વ ધરાવતી તથા કોઈપણ સ્થૂળ સાધનથી જાણી ન શકાય, અનુભવી ન શકાય તેવી ચેતનમય શક્તિ છે. આ શકિતરૂપ આત્મા વિશ્વવ્યાપી શકિતરૂપ પરમાત્મા પાસેથી હવાદ્વારા–શ્વાસદ્વારા પોષણ પામે ત્યાં સુધી જ કાર્યશીલ રહે છે અને પછી એનું સ્વરૂપ શુદ્ધ હોય તો તથા સ્વરૂપ શુદ્ધ થાય ત્યારે પરમાત્મશકિતમાં ભળી જાય છે, જે મોક્ષ કહેવાય છે.

આમ આત્માને શ્વાસ સાથે ગાઢ સંબંધ હોવાથી ઋગ્વેદ-માં આત્મા શબ્દનો પ્રયોગ અનેક સ્થળે શ્વાસના અર્થમાં થયો છે. શરીરમાં આત્મા પાંચ સ્વરૂપે કામ કરે છે. આવા સ્વરૂપો પ્રાણ કહેવાય છે.

આત્મા શબ્દ આત્માની ક્રિયાઓ સાથે સંકળાયેલ હોવાથી આત્મા કહેવાય છે:–

यदाप्नोति यदादत्ते यच्चात्ति विषयानिह ।
यच्चास्य संततो भावस्तस्मादात्मेति कीर्त्यते ॥

જે આપે છે, જે લે છે, જે વિષયોને ખાય છે (તેમનો ઉપભોગ કરે છે) તથા જે દેહ પ્રમાણે વિસ્તાર પણ પામે છે તે આત્મા કહેવાય છે.

આ આત્મા મગજમાં–સહસ્રદલ ચક્રમાં, હૃદયમાં (હૃદય-ચક્રમાં) કે નાભિમાં (નાભિચક્રમાં) રહે છે એવા અનુભવ યોગીઓને થાય છે. આત્મા એક જ હોવા છતાં આ ત્રણ મુખ્ય સ્થાનમાં પ્રવૃત્તિનું કારણ હોવાથી આ ત્રણેય અનુભવ સાચા છે. આ ત્રણેય સ્થાનમાં પ્રવૃત્તિનું કારણ બની તે પોતાની શકિત શરીરના અણુએ અણુમાં કાર્યશીલ રાખે છે.

આ આત્માની શકિત મનદ્વારા ઇન્દ્રિયોમાં વ્યકત થાય છે. આમ આત્માની શકિત બહારના વિષયો પૂરતી વધુ ને વધુ ખેંચાવા લાગે ત્યારે પરમચૈતન્ય સ્વરૂપ પરમાત્મશકિત



સાથેનો તેનો સંબંધ નિર્બળ બનતો જાય છે. મનને વિષયો ભોગવવા માટે ઇન્દ્રિયોની શકિત વપરાઇ જતાં મન નિર્બળ તથા રોગિષ્ઠ બને છે. જલદી જર્જરિત થઈ જાય છે, મૃત્યુ પછી વાસનાદેહ ધારણ કરી પરમાત્મામાં લીન થવાનું ચૂકી જાય છે.

આથી જ અધ્યાત્મયોગ આત્મસિદ્ધિનો અનુપમ યોગ છે. ઇન્દ્રિયો માત્ર ઇન્દ્રિયોના અર્થ માટે જ વપરાય અર્થાત્ માત્ર દેહને ટકાવી રાખવાની દૃષ્ટિએ જ ઇન્દ્રિયોનો ઉપયોગ થાય તથા મન ને ઇન્દ્રિયો દ્વારા બહાર રખડવાની સગવડ આપવાને બદલે શાન્ત બેસીને આત્માનું નિરંતર ધ્યાન ધરવામાં આવે (અહરહઃ શાન્ત ઉપાસીત) તો મનુષ્યની આત્મશક્તિ જે મન દ્વારા ઇન્દ્રિયો દ્વારા વેડફાય છે તે વેડફાતી જરૂર અટકે.

શરૂઆતમાં આત્માનું ધ્યાન ધરવાની જરૂર નથી અને એ સાધના અઘરી પણ છે. અધ્યાત્મયોગની સાધના કરનારે પ્રથમ દરરોજ સ્થિરતાથી બેસવાની ટેવ પાડવી જોઇએ. ઘણા સાધકો ફરિયાદ કરે છે કે અમે સ્થિરતાથી બેસી શકતા નથી. સ્થિરતાથી બેસવાની એક ગૂઢ ટેકનિક રામકૃષ્ણ પરમહંસે સાધનાથી દર્શાવી છે. પ્રથમ શાન્તિથી સાદા આસનમાં સુખા-સનમાં અથવા બને તો પદ્માસનમાં બેસો. પછી ધીમે ધીમે એવી ભાવના કરો કે શરીરમાંની ચૈતન્યશકિત ક્રમશઃ ઉપરને ઉપર ચડતી રહી છે અને નીચેના ભાગ જડ બની રહ્યા છે. આમ આત્મશકિતને મસ્તકના કેન્દ્રમાં કેન્દ્રિત કરી એવો ખ્યાલ કરો કે નીચેનું શરીર સાવ જડ બની ગયું છે. થોડાક સમય પછી આ શકિત ક્રમશઃ શરીરના ભાગોમાં નીચે ને નીચે લાવતી વખતે એવી ભાવના કરો કે શરીર ઉપરથી નીચે સુધી ધીમે ધીમે ચેતનમય બની રહ્યું છે. આશરે દસેક કુંભક

પ્રાણાયામ કર્યા પછી આ ક્રિયા કરવાથી સ્થિરતાથી બેસી શકાય છે.

સ્વામી વિવેકાનંદ મધરાતે ધ્યાનમાં બેસતા ત્યારે આવી રીતે શરીરનું ભાન એટલે સુધી ભુલાઇ જતું કે પોતાનું માત્ર મસ્તક જ અસ્તિત્વ ધરાવે છે એવો ખ્યાલ એમને આવતો. મારે માટે આવી રીતે બ્રાહ્મમુહૂર્તમાં શરૂ કરી સૂર્યોદય સુધી ભગવાન સૂર્યનારાયણના ધ્યાનમાં બેસવાનું સરળ થયું હતું. ત્રણેક કલાક આમ બેસવા છતાં શરીરમાં કયાંય કળતર થતું નહીં અને ત્રણ કલાક પછી તરત જ ઊભા થઈ કામે વળગવામાં મને મુશ્કેલી પડતી નહીં. આવી રીતે સ્થિરતાથી બેસવામાં મંત્રજપ પણ ઉપયોગી નીવડે છે. સ્થિર બેસીને સ્તોત્રપાઠ પણ આમાં ઉપયોગી નીવડે છે. શરીર સ્થિર થાય ત્યારે મનને–ચિત્તને સ્થિર કરવાનું તથા ઇષ્ટદેવ પર કેન્દ્રિત કરવાનું તથા એમનું ધ્યાન ધરવાનું સરળ થાય છે. ભગવાન સૂર્યનારાયણની મારી આ સાધનામાં મને માર્ગદર્શક તથા પ્રેરણા આપનાર યોગેશ્વરજી જ હતા. જગતના આત્મા ગણાતા ભગવાન સૂર્યનારાયણનાં દર્શન મને ધ્યાનાવસ્થામાં થયાં, મંત્ર પણ મળ્યો. ત્યારબાદ આજે દાયકાઓ વીતવા છતાં મને કોઇપણ બિમારી થઈ નથી. કોઇ દવા કે ઇન્જેક્ષન પણ લેવાં પડ્યાં નથી. આત્મદર્શન કયારે સૂર્યદર્શનમાં સરી પડ્યું તેની ખબર પણ પડી નહીં. યોગેશ્વરજીની કૃપાથી અને ભગવાન સૂર્યનારાયણની કૃપાથી યોગના નોંધાયેલા છ હજાર આસન અને અસંખ્ય પ્રાણાયામમાંથી અમુક ચોક્કસ ટેકનિક મળી ગઈ જે દ્વારા દાયકાઓથી હું રોગમુક્ત રહેવા સરળ યોગપદ્ધતિ શીખવી શકયો ને આ કાર્ય પાછળ જ ઘણો સમય આજે ૭૦ વર્ષની વયે પણ વીતે છે તેની શરૂઆત અધ્યાત્મયોગથી થયેલી.



# ગોપીચીરહરણમાં અદ્વૈત

ડો. જે પી. અમીન

ઝંખના કરતો હતો–વર્ષોથી એની અંતરમાં રાહ જોતો હતો: અંદરનો, એના માટે તલસાટ કરતો હતો; એના વિના હૃદય વલોવાતું હતું. રાત દિન આંખલડી એનેજ જોવા તલસતી હતી; હૃદય એનેજ ભેટવા તલપાપડ હતું; કાન એનું ગીત સાંભળવા સરવળ સરવળ થતા હતા. હાથ એનું આલિંગન આપવા તલસતા હતા; સ્પર્શેન્દ્રિય એનો સ્પર્શ કરવા અંદરથી અધીરી થઈ હતી. રસના એને માણવા માટે રસમય થઇ હતી.

હજુ એ આવ્યો ન હતો. પણ એના આવવાના ભણકારા વાગતા હતા, વાદળની ગર્જના થાય અને કાન સરવા થઇ જતા; મારો વહાલો એકલો આવ્યો એમ માની પગ (અંતઃકરણની વૃત્તિ) ઘર (હૃદય) બહાર દોડતી પણ આંખલડીને ત્યાં કશુંજ જોવા ન મળતું. રસ્તા પર રોષભરી નજર કરી, જરા નિરાશ થઇને, કોઇને ખબર ન પડે તેમ હું પાછી મારા ઘરમાં આવી જતી.

આવું તો અનેકવાર બનતું. બહાર થોડોક સમય થાય અને હું દોડી જતી. પણ પ્રિયતમ દૂર જ હતો.

આખો દિવસ એની રાહ જોતી. સારાં સારાં ભોજન બનાવી, મધ્યાન્હે એની ઝંખના કરતી. પણ એ પ્રિયતમને મારા હાથનો પ્રસાદ લેવાની ફુરસદ નહોતી; એનું અજીઠું ખાવા હું વર્ષોથી તલસતી હતી. પણ એકવાર એ મારી થાળીમાં આવીને ખાય તો એ એઠું થાય ને...એના હાથે વેરાયેલા ભોજનના કણ વિણવા માટે હું મનસુબા રચતી. પણ એ કણ વેરે તો હું વીણુંને !

એના અધર સ્પર્શવાળા પ્યાલામાં પાણી પીવા માટે હું ઝંખના કરતી પણ એકવાર એ મારા હાથે મારો પ્રેમ જામ પીએ. પછી હું એનું બાકીનું પાણી પીઉંને !

દાંડિયા બનાવી રાખ્યા હતા; એની જોડે રાસ રમવામાટે. દરરોજ એને જોતી. ખખડાવતી અને પાછા ગોઠવી દેતી; કોની જોડે રમું ? મારે તો એજ જોઈએ.

સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી એની રાહ જોતી હું બેસી રહેતી. જીભલડી એનું રટન કરતી. સાંજે એને માટે કુમાશભરી પથારી કરતી. ગ્રીષ્મઋતુમાં પુષ્પ શય્યા બનાવતી, મારા વ્હાલાને મારા હાથનું ઓશિકુ કરીને યોગનિંદ્રામાં પોઢાડીશું એવું વિચારતી; એક હાથનું ઓશિકુ અને બીજા હાથે એને વીંઝલડો નાંખતી, એને જોડે વિરહની રાતોની વાતો કરવાના મનસુબા ઘડતી; આખી રાત એની રાહ જોતી પણ એ દેખાય તોને ! આખી રાત એના વિરહમાં પસાર થઈ જતી. ઊંડો નિસાસો નાંખી હું પથારીને એમને એમ મૂકીને, બારીએ આવી દૂર દૂર એને શોધવા લાંબી નજર કરતી, પથ્થરવત સ્થિર થઈ જતી.

ગોપીઓ પર મને ઇર્ષા આવતી; હું એમને ભાંડતી; અલી ! એક દિવસતો એને છોડો...એ તમારો એકલાનોજ છે...તમારી દરેકની પાસે એક એક છે, રાતદિવસ તમારી જોડે રહે છે. તો એક દિવસ નહિ હોય તો શું થઈ જશે ?

પણ એક રાતે એણે મારી અરજ સાંભળી, આખા દિવસની રાહ જોઇ થાકીને લોથ થઈ પથારી પર પડી કે તરત જ એ આવ્યો.

હું તો એને ભેટી પડી. પણ પછી મોં પર શરમના શેરડા પડી ગયા.

મને મારી જાત યાદ આવી; મારું કૂળ, સમાજ, મા-



બાપ બધાં નજર આગળ તરવા લાગ્યાં; એટલે આલિંગન છોડી, દૂર ઊભી રહી.

એતો મને પ્રેમભરી નજરે જોયા જ કરે; દૂરથી પણ હું એનો પ્રેમ જામ પીતાં પીતાં મસ્ત બની એને ભેટવા મારું ઉર તલસવા લાગ્યું. પણ વચ્ચે આડ આવતી હતી સમાજની.

ત્યાં એકાએક એના ઓઠ પહોળા થયા; મારા કાન સરવા બન્યા.

એ એક જ વાકય બોલ્યો...' કપડાં કાઢ '

અને મારી નજર મારાં કપડાં પર પડી; કંચુકીચોપટ મારી જાણ બહાર ખુલી ગયેલી. કંચુકી–ચોળી પર મારી નજર પડી...બાપરે...કરતાંની મેં બૂમ પાડી; મેં એને શરીર પરથી ફેંકી દેવાને બદલે ફરીથી ટાઇટ કરી.

એને જોવાનું મૂકીને હું મને જોવા લાગી; પળના એ પલકારામાં એ જતો રહ્યો...નજર કરી તો સામે એ દિવાલ હતી; એને મેળવવા માટે મેં એ દિવાલ સાથે માથાં અફાળેલાં. એની એ દિવાલ મારા કરમમાં દેખાઇ મેં દોટ મૂકી; બારણાં ઉઘાડાં મૂકી, રસ્તાપર દોડી પણ એ દેખાયો નહિ.

પ્રાયશ્ચિતનાં આંસુથી ધરતી ભીની થઈ ગઇ. રોઇ રોઈને આંખ સૂઝી ગઈ. એણે કહ્યું અને મેં જો કપડાંની આડ કાઢી નાખી હોત તો આજે એ મારી જોડે હોત; એ મારો થઇને રહ્યો હોત.

બધું મેં એને આપ્યું હતું. પણ ઉર આપતી વખતે અચકાઇ. મારા જેવી મુરખ બીજી કોણ ?

પાછા દિવસો વહેવા લાગ્યા. પહેલાંની જેમ એ પ્રિયતમની રાહ જોતી હતી. પહેલાં કરતાં પણ હવે ઉત્કટતા વધી હતી; ગાંડીતૂર બનેલી નદીની માફક એનો પ્રેમપ્રવાહ આસપાસના કિનારા તોડીને, સરિતાને–પ્રિયતમને મળવા માટે

તલપાપડ થતો હતો. એનું હૃદય વિરહવ્યથાની ભઠ્ઠીમાં શેકાતું હતું. એનું એકવાર દીઠેલું મોહક મુખડું, એની નજર આગળથી પળવાર પણ હટતું નથી. એના વિના એને ચેન પડતું નથી, અને તો પણ એ આવતો નથી. વિરહાગ્નિની આગમાં શેકાઇને, મારું આખું કલેવર ભડથું થઈ ગયું છે!

વ્હાલા, વ્હાલાની બૂમો પાડીને હવે તો જીભ સૂકાઇ ગઇ. એનું રટન કરતાં કરતાં રસના હવે રસહીન થવા લાગી. રસની લ્હાણુમાટે એ તલસતી હતી પણ એ પ્રિયતમ આવ્યો નથી.

બળબળતા બપોરે, નદીનાં નિર્મળજળમાં કાંઠે કપડાં મૂકી, હું તો ન્હાવા પડી; ડૂબકી મારી, પાણી બહાર મોંઢું કાઢ્યું કે તરત જ એ કાંઠાપર દેખાયો, જેની ધીખતી ધરાની માફક રાહ જોતી હતી, એને આંખલડીએ જોયો, નાનકડી કીકીમાં એ આખો ને આખો સમાયો.

શરીર સરિતામાં હતું; કપડાં કાંઠે હતાં.

મારી નજર એના પર હતી, એની નજર કપડાંપર હતી.

મેં એને નજરમાં ઊઠાવ્યો. અને એણે મારાં કપડાં હાથમાં ઊઠાવ્યાં; અંગૂઠામાંથી અગ્નિ સળગ્યો અને બધાં કપડાં સ્વાહા થઇ ગયાં!

એ જરા હસ્યો અને એની આંખો મારા તરફ વળી. આંખમાં આંખ મળી.

અંતરે અંતરની વાત પકડી અને અમે એકમેક થયાં. હું તુંના ભેદ ભૂલાયા અને પ્રેમાનંદમાં પોઢી ગયા.



# મહર્ષિણી હજરત રાબિયા બસરી

મુરાદખાન ચાવડા

ઈસ્લામના સૂફીવાદના મહાન મહર્ષિઓમાં સર્વશ્રેષ્ઠ પ્રથમ હરોળમાં મહર્ષિણી હ. રાબિયા બસરીનું નામ ઇસ્લામ જગતમાં આવે છે. તેઓની ઇબાદતે ઇસ્લામી જગતમાં કુરાનના તત્ત્વજ્ઞાનના ગુઢાર્થ તરફ નવી ક્ષિતિજો તરફ સૂફીઓને દૃષ્ટિપાત કરાવી દીધો. અને હ. રાબિયા બસરીએ પોતાની જીંદગી પોતાના નવા ગુઢાર્થ પ્રમાણે વિતાવી જગતને એક સચોટ સબક આપ્યો.

હ. રાબિયા બસરીનો જન્મ આજથી સાડા બારસો વરસ પહેલાં ધખધખતા રણ જેવા અરબસ્તાનના બસરા શહેરમાં એક ગરીબ માબાપને ત્યાં થયો હતો. તેઓ તેમના મા-બાપનું ચોથું સંતાન હતાં. બચપણમાં ગરીબ સ્થિતિ હોવા છતાં પણ હ. રાબિયા બસરીએ અરબી ભાષાનો અભ્યાસ કર્યો હતો. પોતાનામાં સમજ આવી ત્યાંતો માતપિતાની છત્રછાયા ગુમાવવી પડી. એક બાજુ ગરીબ સ્થિતિ અને માતપિતાની છત્રછાયા ગુમાવી ત્યાંજ વળી ઓછામાં પૂરું હોય તેમ આખા અરબસ્તાન દેશ પર ભયંકર કાળના ઓળા ઉતરી પડ્યા. જેથી આ કાળના લીધે હ. રાબિયા બસરી પોતાના ભાઈ ભાંડુંઓથી છૂટાં પડી ગયાં. એક લાલચુ અને સ્વાર્થી અરબના હાથમાં હ. રાબિયા બસરી ચડી ગયાં. આ નાનકડાં બાલિકાની મજબુરીનો લાભ લઇ પેલા આરબે એક તવંગર આરબના ત્યાં દાસી તરીકે વેચી નાણું લઈ રસ્તે પડ્યો.

બાળપણમાં જીવન સંઘર્ષ શરૂ થયો હોઇ તેમજ ધર્મના

તરફ હ. રાબિયા બસરીને વિશેષ રુચિ હોઇ, અલ્લાહ પર અતૂટ શ્રદ્ધા હતી. અને બચપણથીજ હ. રાબિયા બસરી અલ્લાહની ઇબાદતમાં મશગુલ રહેતાં હતાં. એક અવિચળ યૌદ્ધાની માફક અડગ જીદંગીના પગ આગળ માંડતાં હતાં. ઈશ્વરે તેમને બચપણમાંજ કસોટીની એરણ પર ચઢાવવાનું ધાર્યું હોય તેમ એક આફત માંડ દૂર થઇ હોય ત્યાં બીજી આફતના પહાડ તૂટી પડતા. પોતાના નવિન શેઠના ત્યાં હ. રાબિયા બસરી આવ્યાં, તો આ શેઠ એક ક્રૂર અને ઘાતકી સ્વભાવનો હતો. નાનકડાં બાલિકા હ. રાબિયા બસરી પાસે ગદ્ધા વૈતરું કરાવતો હતો. તે એટલું કામ કરાવતો કે હ. રાબિયા બસરી થાકી સાવ લોથ થઈ જતાં હાથ પગ કામ કરવા અસમર્થ થતા ત્યારે તેમનો શેઠ ક્રૂર બની સખત માર મારતો અને ઉપરથી રાતનું ખાવાનું પણ ન આપતો. રાબિયા, બસરી આ બધું જ મુંગા મોંએ સહન કરતાં. રાત પડતી ત્યારે એક નાનકડી ખોલીમાં રાત ગુજારતાં. આખા દિવસની કાળી મજુરીથી થાકના લીધે શરીરમાં અસહ્ય વેદના ઉપડતી તોયે હ. રાબિયા બસરી આખી રાત અલ્લાહના ચરણોમાં માથું ટેકાવી દડતી આંખે અલ્લાહને આજીજી કરતાં "હે મારા માલિક! જગતના સર્વે જુલ્મો હું સહન કરી લઈશ પણ હું તારી પાસે એક જ માગું છું કે હું તને ન વિસરું" આમ રાતોની રાતો અલ્લાહની ઇબાદતમાં ગુજારતાં અને દિવસે કાળી મજુરી કરતાં.

શેઠનો ત્રાસ દિવસે દિવસે વધતો જતો હતો. સહનશીલતાની હ. રાબિયા બસરીની સીમાઓ આવી પહોંચી એટલે એક દિવસ આ ત્રાસદાયક જીવનથી કંટાળી શેઠના ત્યાંથી છાનાંછપનાં ભાગી નીકળ્યાં. સતત તેમને ભય હતો કે શેઠ પાછળ પડશે જ જેથી વગડાની વાટ લીધી. દોડતાં



દોડતાં વગડામાં અચાનક પડી ગયાં અને પડવાથી હાથ તૂટી ગયો. હાથમાં સખત વેદના ઉપડી. હ. રાબિયા બસરીએ આ રણવગડા તરફ દૃષ્ટિ કરી. હતાશ થઇ ગયાં. પણ ત્યાં એક જ આશાનું કિરણ નજરે પડ્યું, એકદમ તેમની આખમાં ચમક આવી અને હતાશા ખંખેરી નાખી.

નિરંકારી સચરાચરી અલ્લાહની શરણમાં માથુ ટેકાવી હિબકાં ભરતાં અલ્લાહને આજીજી કરવા લાગ્યાં:-

"હે આલીમુલ ગયબ! (અદૃશ્ય રીતે સર્વ વ્યાપી ઇશ) હું, એક યતિમ (અનાથ) બાલિકા છુ, હું પરાધીન દાસી છું, મારો હાથ ભાંગી ગયો છે, મારી દુર્દશા છે, છતાં મને થોડોય સંકોચ નથી, હું તારી પાસે એટલું જ યાચું છું કે હું તને હરપળ ન ભૂલું, અને તું મારા પર પ્રસન્ન રહે! "તે જ યાચું છું અને ઇચ્છું.'

ત્યાં આકાશવાણી સંભળાણી, "હે મારી વ્હાલી પુત્રી, સબ્ર કર! (ધૈર્ય ધર) અને શોક ન કર, થોડા સમય બાદ ગૌરવશાળી દિવસો આવશે, અને ફરિશ્તાઓ તમારું સન્માન કરશે."

આકાશવાણીના શબ્દો સાંભળી હ. રાબિયા બસરીમાં એક નવી ચેતના આવી અને પાછાં ફર્યાં પોતાના શેઠના ત્યાં અને પોતાના નિત્યકાર્યમાં રત રહેવા લાગ્યાં. પણ શેઠનો સ્વભાવ હતો તેવો જ રહ્યો. એમ થોડાક દિવસો વિત્યા ત્યાં એક રાતે શેઠ રાબીયા બસરીની ખોલી આગળ થઇ પસાર થતો હતો ત્યાં તેના કાન પર ગણગણાટ રાબીયા બસરીની ખોલીમાંથી આવતો સાંભળવા મળ્યો. પેલો શેઠ ખોલીના દરવાજા આગળ આવી ઉભો રહ્યો તો કમાડ બંધ હતું અને ગણગણાટ પર કાન સરવા કરી સાંભળવા માંડ્યો.

“ હે અલ્લાહ ! તું સર્વે જાણે છે, તારાથી કંઈ અજાણ્યું નથી. હું સદા તારી આજ્ઞા પાળતી આવી છું, અને આ આજ્ઞા પાળતી પાળતી મારું મરણ થાય તે જ મારી અભિલાષા છે. તારી સેવામાં જ દરેક ક્ષણ વિતે તેવી મારી ઇચ્છા છે, પણ શું કરું, મને તેં પરાધીન દાસી બનાવી છે. જેથી બધો સમય તારી ઈબાદતમાં ગુજારી શકતી નથી. તેના માટે હે અલ્લાહ, મને માફ કર, ” અને ડૂસકું ભરાઈ ગયું, રાબીયા બસરી રડી રહ્યાં હતાં.

આ દુવાની અસર શેઠ પર ધારી થઇ. શેઠે કમાડની તીરાડમાંથી ખોલીમાં નજર કરી જોયું તો હ. રાબીયા પર એક તેજ પુંજ ઝળહળી રહ્યું હતું. શેઠને હ. રાબીયા બસરીને સંતાપવા બદલ પારાવાર પસ્તાવો થયો. એણે તેમને દાસત્ત્વમાંથી મુક્ત કરવાનો નિર્ણય કર્યો.

બીજા દિવસે હ. રાબીયા બસરીને બોલાવી માફી માંગી અને કહ્યું “ જો આપ મારા ઘેર રહેશો તો હું આપનો દાસ બનીને સેવા કરીશ, અને આપ જો બીજે રહેવા ચાહતાં હો તો આજથી મુક્ત છો. ” રાબીયા બસરી પોતાના શેઠનો આભાર માની ચાલતાં થયાં. એમણે વનમાં ઝૂંપડી બનાવી એકાંતમાં વાસ કર્યો. આ એકાંતમાં અલ્લાહની ઇબાદત શરૂ કરી.

હ. રાબીયા બસરીના સમયમાં બસરા શહેર અને તેની આજુબાજુના વિસ્તારમાં મહાન સૂફી સંતો હતા. તેમાંથી મુખત્વે હુસેન બસરાઈ અને મૌલાના રૂમી.

તપસ્વીની રાબીયા બસરીની તપશ્ચર્યાની કીર્તિ આખા વિસ્તારમાં ફેલાણી. સૂફી સંતોએ તસ્સવુર( સમાધિ )થી હ. રાબીયા બસરીને જાણી લીધાં કે એક મોખરાની હરોળ-



નાં (સફે અવ્વલ)નાં વિલાયત કમાયેલી વ્યક્તિ છે. જેથી હસન બસરાઇ તેમની અવારનવાર મુલાકાત લેતા અને સત્સંગ, અને કુરાનના ગુઢાર્થોનું માર્ગદર્શન મેળવવા માંડ્યા. હસન બસરાઈ હ. રાબીયા બસરી આગળ પોતાને તુચ્છ સમજતા હતા. તેઓ જાણતા હતા કે રાબીયા બસરી તેમનાથી કોશો દૂર રૂહાનિયત(આધ્યાત્મિક)માં આગળ છે.

એક દિવસ હ. હુસેન બસરાઇ પોતાના શિષ્યોને સત્સંગ કરવા સભા બોલાવી, તેમાં હ. રાબીયા બસરીને નિમંત્રણ હતું, સભા ભરાઈ ગઈ હતી, પણ હ. રાબીયા બસરીને આવવામાં મોડું થયું. શિષ્યો ઉંચાનીચા થવા માંડ્યા. તોયે હસન બસરાઇએ સત્સંગ શરૂ ન કર્યો. બોધ આપવા હ. રાબીયા બસરીની રાહ દેખવા માંડ્યા. ત્યાં એક ઉતાવળીયા શિષ્યે કહ્યું, “આ સભામાં મોટા મોટા માણસો ત્થા વિદ્વાન સંતો પણ આપના સદવચનો સાંભળવા આતુર છે. તો આપ આ મહેફીલમાં તકરીર (વ્યાખ્યાન) કરવું શરૂ કરો, એક બુઢી ડોસી નથી આવ્યાં તો શું થઈ ગયું ? અને એમાં શું વાંધો છે, વ્યાખ્યાન શરૂ કરો. ” ત્યારે હ. હસન બસરાઈએ ધીર ગંભીર અવાજે કહ્યું, “ભઇલા મેં હાથી માટે સરબત બનાવ્યું છે, તે ભલા એક નાનકડી કીડી પી શકશે ?” ને પેલો ઉતાવળીયો શરમનો માર્યો ભોંઠો પડી ગયો.

એક દિવસ હુસેન બસરાઇએ હ. રાબીયા બસરીને પૂછ્યું, “ આપને વિવાહ કરવાની અભિલાષા છે ?”

હ. રાબીયાઃ–વિવાહ તો દેહ સાથે થાય છે, મારે તો દેહ જ ક્યાં છે ? અને જે દેહ છે તે તો અલ્લાહને અર્પણ કરેલ છે. એટલે કે અલ્લાહ આધિન છે અને તેના જ કાર્યમાં રત રહે છે. હવે વિવાહ હું મારા ક્યા દેહ સાથે કરું ?”

વળી એક દિવસ હુસેન બસરાઈએ પ્રશ્ન પૂછ્યો. " આપે આ ઉચ્ચતર સ્થાન કેવી રીતે પ્રાપ્ત કર્યું ? "

હ. રાબીયાઃ-મને મળેલી સર્વે વસ્તુઓ ગુમાવીને. "

હ. હુસેનઃ-આપ અલ્લાહને કેવા સમજો છો ? "

હ. રાબિયાઃ-અલ્લાહ આવો છે, કે તેવો, તે આપ જાણો છો, હું તેમ જાણતી નથી. હું તો તેને અરૂપ અને અમાપ જાણું છું. "

ત્યાં એક માણુસે આવી હ. રાબીયા બસરીને પ્રશ્ન પૂછ્યો. " ગુમરાહ કરે છે તે શયતાનને આપ શત્રુરૂપે જ જાણો છો ?"

હ. રાબીયાઃ-અલ્લાહની ઈબાદતમાં લીન રહેવાથી મારે તેની સાથે શત્રુતા થઈ નથી અને તેની સાથે લડાઈ પણ કરવી પડી નથી. "

એક દિવસ હ. રાબીયા બસરીની ઝૂંપડીએ થોડાક સૂફીઓ મળ્યા હતા.

ત્યાં હ. રાબિયા બસરીએ સૂફીઓને પ્રશ્ન પૂછ્યો " તમે શા માટે અલ્લાહની ઇબાદત કરો છો ? " એકે કહ્યું, " હું દોઝખ (નરક)ના ખોફથી ઇબાદત કરું છું, અલ્લાહની ઇબાદતથી દોઝખનું અનિષ્ટ સો કોસ મારાથી દૂર રહે માટે. "

બીજા સૂફીએ જવાબ આપ્યો, " હું તો જન્નતુલ ફીરદોસ ( સર્વ શ્રેષ્ઠ સ્વર્ગ ) ની લાલસાથી ઈબાદત ગુજારું છું, આ જન્નતુલ ફિરદોસ કેવુંક રમણિય અને અનહદ શાન્તિ આપે તેવું છે. તે રૂહ (આત્મા) અને જીસ્મ (દેહ)-ને શાન્તિ આપે છે અને અનેક પ્રકારના વૈભવ મળે તેની લાલચથી કરું છું.



હ. રાબિયા બસરીએ જવાબ આપ્યો " શું જો જન્નત કે દોઝખ ન હોત તો અલ્લાહની ખરેખર ઇબાદત ન કરત ? સાચી ઇબાદત તો તેજ છે ઈશ્કે હકીકી. તેના દીદારની જ તૃષ્ણા હોય છે. સાચા બંદાને ન જન્નતના વૈભવની લાલશા હોય છે કે ન દોઝખની યાતનાઓનો ડર ! "

હ. રાબિયા બસરી પોતાની જીવન જરૂરિયાતની વસ્તુઓ માટે બહુ જ કરકસર કરતાં હતાં અને જેમ બને તેમ ઓછી વસ્તુઓથી જ ચલાવી લેતાં. તેઓની પાસે એક તૂટીફૂટી સાદડી હતી અને એક તૂટેલું માટીનું જમવા માટે પાત્ર, કપડાં પણ જીર્ણ સીરણ પહેરતા. ઘણી વખત આ ફાટેલાં કપડાંમાંથી તેમનો દેહ દેખાઈ આવતો. આવી નિરધનતા ભાળી એક ધનવાન અશરફીયોની થેલી ભરી તેઓને ભેટ આપવા ઝૂંપડીએ આવ્યો. " હજરત, આપ ઇસારો કરો તો આપનું દળહર ફીટી જાય તેટલું ધન આપના ચરણે ધરીયે. " હ. રાબિયાએ જવાબ દીધો : દુન્યવી (સંસારી) દરિદ્રતાની મને કોઈ પરવા નથી અને તેના તરફ મેં આજ દિન સુધી લક્ષ્ય આપ્યું નથી. હું સતત ચિંતીત રહ્યા કરું છું કે રૂહાનીયતમાં હું દરિદ્ર ન બનું અને આ દુન્યવી દરિદ્રતા સંબંધે કોઈની પાસે માગણી કરતાં મને શરમ આવે છે. આખા જગત પર પરવર દિગારે આલમનું રાજ ચાલે છે. તો હું બીજા પાસે શામાટે માગું અને મારે જે જોઇતું હશે તે તેના હાથે જ લઇશ, અને તેને (અલ્લાહને) મારી ક્યાં ખબર નથી, કે મારે શું વસ્તુની જરૂર છે ? "

અને કહેતાં " શ્રીમંતો મારા કોઇ અન્નદાતા નથી. જેણે જીવન આપ્યું તે ગરીબાઈ (દરિદ્રતા)ના લીધે ગરીબોને ભૂલી ગયો છે ? અને શું દ્રવ્યવાનોના દ્રવ્યના લીધે શ્રીમંતોને

જ યાદ રાખે છે ? ”

એક દિવસ એક ફકીર હજરત રાબિયા આગળ સાંસારિક કંટાળાનું વર્ણન કરવા બેઠો. હ. રાબિયાએ પેલા ફકીરને સંબોધી કહ્યું, “ તમે તો બહુ જ દુન્યવી લાગો છો! તેમ ન હોત તો અલ્લાહની ઇબાદત છોડી, આ દુન્યવી વાતો શું કામ કરત! જે સાચો ફકીર હોય છે તે કોઇ દિવસ દુન્યવી સારી નઠારી વાતોમાં ઉલઝતો નથી. એટલું જ નહીં પણ દુન્યવી વાતોનું નામ સુદ્ધાં લેતો નથી. જે વસ્તુને જે માણસ વધુ ચાહતો હોય છે તેનાં જ હરહંમેશાં વખાણ કરતો હોય છે! ”

એક વખત હ. રાબિયા બસરીની ઝૂંપડીએ બે ફકીર અચાનક આવ્યા. તેમની પાસે ખાવા માટે બેજ રોટલીયો હતી. ઝૂંપડીમાંથી બે રોટલીઓ લઇ હ. રાબિયા બસરી પેલા બે ફકીરો પાસે જમવા માટે આપવા આવ્યાં. ત્યાં એક ભિક્ષુક પણ આવી ચડ્યો અને આ રોટલીઓ ખાવા આપવા પેલો ભિક્ષુક કરગરવા માંડ્યો. હ. રાબિયાએ બેઉ રોટલીઓ પેલા ભિક્ષુકને આપી દીધી. આ જોઇ પેલા બેઉ ફકીરો અચંબામાં પડી ગયા.

થોડીવાર બાદ એક સ્ત્રી કપડાંમાં કંઇક વીંટાળી ઝૂંપડીએ આવી અને કહ્યું “મારી શેઠાણીએ આપના માટે મને આપવા માટે મોકલી છે! તે આપ લઇ લ્યો.” હ. રાબિયા બસરીયે કપડું ખોલ્યું. તો તેમાં રોટલીયો હતી. તે રોટલીયો ગણી જોઇ તો અઢાર રોટલીયો હતી. હ. રાબિયાએ પેલી દાસીને કહ્યું “એ પાછી લઇ જા, મોકલવામાં ભૂલ થઇ છે!” દાસી હ. રાબિયાને વિનવવા લાગી. કે “મારી શેઠાણીએ આપના જ માટે મોકલી છે. તો તેનો ઉપીયોગ કરો. ”



હ. રાબિયાઃ–નહિ, નહિ, ચોક્કસ ભૂલ થઇ છે માટે તું પાછી લઇ જા. ”

દાસી રોટલીઓ લઇ પછી પોતાની શેઠાણી પાસે ગઇ. અને હકીકતથી શેઠાણીને વાકેફ કરી. શેઠાણીયે બે રોટલી ઉમેરી ફરી દાસીને હ. રાબિયાજી પાસે મોકલી. હ. રાબિયાજીએ ફરી ગણી. તેમણે સ્વીકારી અને પેલા ફકીરોને જમાડ્યા.

પેલા ફકીરોએ હ. રાબિયા પાસે તેનું રહસ્ય પૂછ્યું.

હ. રાબિયાએ તેનો ભેદ ખોલ્યો. આપ મારા મહેમાન હતા, મારી પાસે બેજ રોટલી હતી, હું મુંઝવણમાં હતી કે આટલી રોટલીઓથી તમારે બેઉને પેટ ભરીને જમાશે નહીં, ભૂખ્યા પેટે જ રહેવું પડશે. ત્યાં ભિક્ષુક આવ્યો, તેને આ બે રોટલીયો પુરતી હતી. એટલે મેં બે રોટલીઓ ભિક્ષુકને આપી દીધી. અને અલ્લાહને દુવા કરી કે “ હું દાનીને દશ ઘણું આપું છું તેવું તારું કુરાનમાં ફરમાન છે. ” મને આ આયત પર અને અલ્લાહ પર પૂરી શ્રદ્ધા છે. ત્યાં પેલી દાસી રોટલીયો લઈ આવી તો અઢાર રોટલીયો હતી. બે ખૂટતી હતી. મને લાગ્યું કે મોકલનાર (અલ્લાહના સંકેત) ની ભૂલ થઇ છે. તેથી પાછી મોકલી અને આપની નજર સમક્ષ વીસ રોટલીઓ બે ઉમેરીને આવી એટલે એક રોટલીનો બદલો દશ ગણો થઇ ગયો ને! ”

હ. રાબિયા બસરીને ઇશ્કે ઇલાહીનો ગલબો (કેફ) એવો ચડતો કે ઘણીવાર તેઓથી મોટેથી ગાંડાની જેમ ચીસો, બૂમો પડાઈ જતી હતી. પોતાના દેહનું ભાન રહેતું નહીં જ્યારે ભાનમાં આવતાં ત્યારે લોકો તેમને પૂછતા “ આપને નથી કોઇ દુઃખ કે સંતાપ તોયે આપ આમ બૂમો શીદને પાડો છો ? ”

ત્યારે લોકોને જવાબ દેતાં, " મારો રોગ બહારનો નથી પણ અંતરનો છે. સંસારી લોકો મારા રોગને પારખી શકવાના નથી. પછી કોઈ જગતનો હકીમ આ મારા અંતરનો રોગ દૂર કરી શકે તેમ નથી. મારા રોગનો એક માત્ર ઉપ-ચાર છે ' દિદારે ખુદા ' !

એક દિવસ એક માણુસ હ. રાબિયા બસરીની ઝૂંપડી બહાર ઉદાસ ચિત્તે હાથમાં થેલી લઈ ઉભો હતો. ત્યાં હ. હુસેન બસરાઇ આવી ચડ્યા. ઉદાસ ચહેરે ઉભેલા માણુસને ભાળી હ. હુસેન બસરાઈએ આવવાનું કારણુ પૂછ્યું તો પેલા માણુસે કહ્યું, " આ મહાન સૂફીયા માટે હું નાણાંની ભેટ લાવ્યો છું, પણુ તેમની ફકીરી (વૈરાગ્ય) જોતાં મને ડર છે કે તેઓ સ્વીકારશે નહીં તેથી તેમની આગળ જતાં મારી હિંમત ચાલી નહીં તો આપ તેમને આગ્રહ કરી સમજાવો ને કદાચ આ મારી ભેટ સ્વીકારે. "

હુસેન બસરાઇ ઝૂંપડીમાં ગયા અને પેલા માણુસની વાતથી વાકેફ કર્યાં અને નાણાંની ભેટ સ્વીકારવા વિનંતી કરી.

" જુઓ હ. હુસેન બસરાઈ, આ જગતમાં કેટલાય ગુન્હેગાર લોકો વસે છે. (અહી ગુન્હેગાર એટલે દુષ્ટ કર્મો કરવાવાળા) પરંતુ તેમને પણુ અલ્લાહ રોઝી રીઝક (અન્ન પાણી) બંધ કરતો નથી, સમયસર પહોંચાડી દે છે. ત્યારે જેની રગેરગમાં ઇશ્કે ઈલાહી (ઈશ્વર પ્રેમ) ઉછાળા મારતો હોય, જેના શ્વાસોશ્વાસમાં યાદે ઇલાહીની લૌ (લગની) લાગી હોય તેને જ શું અલ્લાહ રોઝી રીઝક આપવામાં બખીલાઈ (કંજુસાઇ) કરશે ? હું જ્યારથી અલ્લાહની મહત્તા જાણુતી થઇ છું ત્યારથી લોકાભિમુખ બની ગઇ છું, જે ધન હલાલ છે કે હરામ છે. તે જાણુતી નથી તેવા ધનને હું કેવી રીતે



સ્વીકારી શકું, ભલા ! "

હ. રાબિયા બસરી એકવાર બિમાર પડ્યાં. તેમના ખબર અંતર પૂછવા મહાન સૂફી સૂફિયાન તેમની ઝૂંપડીએ આવ્યા. સંત સૂફીયાન હ. રાબિયાનો પ્રભાવ જાણુતા હતા અને તેમનું બહુ જ માન કરતા હતા. તેથી હ. રાબિયાથી વાત કરતાં સંકોચ અનુભવતા હતા. આથી ખામોશ થઇ બેસી રહ્યા. ત્યાં રાબિયાએ સામે જ પ્રશ્ન પૂછી નાખ્યો.

" તમારે કાંઇ કહેવું છે ?

" આપ દુવા કરો, અલ્લાહ આપને સિફા (મુક્ત) કરશે બિમારીથી, અને તંદુરસ્તી બક્ષશે. "

" સૂફીયાન, તમે નથી જાણુતા કે, કોઈની ઇચ્છાથી બિમારી આવતી નથી. શું મને બિમાર કરવામાં અલ્લાહની ઉદારતા નહીં હોય ? "

" હા, અલ્લાહની ઇચ્છાથી જ થયાં છો. "

" જ્યારે તમો આવું જાણો છો, તો મને તેની ઇચ્છા વિરુદ્ધ દુવા કરવાનું કેમ કહો છો ? જે આપણો મહાન માબુદ (માલિક) છે, તેની ઇચ્છા વિરૂદ્ધ કોઈ કામ કરવું તે તેના બંદાનું કામ છે ?

" આપને શું ખાવાની ઇચ્છા છે ? "

" હ. સૂફિયાન, આપ જ્ઞાની છો, છતાં આવી વાત કેમ કરો છો ? આવી વાતોથી મને સદમો (દુઃખ) થાય છે. મને છેલ્લા દસ વર્ષથી ખજૂર ખાવાની ઇચ્છા થયેલ છે, આપણા બસરામાં કેવી સારી ખજૂરો ઉત્પન્ન થાય છે, પણુ હું તે ખાઇ શકી નથી કારણુકે આપણે રહ્યા અલ્લાહના

ખાકસાર બંદા ! માબુદની ઇચ્છા વિરૂદ્ધ કેમ જઈ શકાય ? અને માબુદની ઈચ્છા વિરૂદ્ધ હોય તે જરૂરથી અયોગ્ય જ છે. તે ત્યાજ્ય છે !

આમ ઇશ્કે ઈલાહીમાં જીવનની દરેક ક્ષણ વીતાવી આ ફાની દુનિયામાંથી હ. રાબિયા બસરીએ દેહ છોડ્યો.

હ. રાબીયાની દુવા

હે માલિકે મખલુક (જગતના માલીક) તેં આ લોકમાં મારા માટે જે કંઇ નક્કી કર્યું હોય, તે નાસ્તિકોને આપજે. અને પરલોકમાં જે કાંઈ નક્કી કર્યું હોય તે તારા નેક બંદાઓને આપજે, કારણકે તું મારા માટે જ બસ છે. હું દીદારે ખુદા સિવાય કાંઈ ચાહતી નથી. હું જો તારી ઇબાદત દોઝખની બીકે કરતી હોઉં તો મને તે દોઝખમાં મારી અનંત જીંદગી આપજે, અને જન્નતના લોભે ઇબાદત કરતી હોઉં તો તે મારા માટે હરામ છે. પણ હું તો તારા દીદાર માટે ઇબાદત કરતી હોઉં તો તું તારા પરમ પ્રકાશ, પૂર્ણ પવિત્ર નિર્મળ, માસૂમ (નિર્દોષ) અપાર દિદાર (દર્શન) આપજે.”

(સંદર્ભગ્રંથ, તરકુલ ઓલિયાના ગુજરાતી અનુવાદ. મુસ્લિમ મહાત્માના આધારે.)



## એકવાર, બસ....

તું આવી શકે તો–
એકવાર પણ
યદુનંદન ! તું આવ,
છિન્નભિન્ન ત્હારા ભારતને
એક–અખંડ બનાવ
તું પાર્થ–સારથી ! આવ,
એકવાર પણ...
આવી શકે તો આવ.

બકાસુરની જ્યાં ત્યાં જામી જમાતો,
શકટાસુરની ડગલે ડગલે ઘાતો,
સચરાચરમાં તૃણાવર્ત છવાતો,

પૂતના વિષ પ્રાશી પ્રાશીને
કૈંક સિધાવ્યા માવ !
તું આવી શકે તો
નટવર નાગર આવ !
એકવાર પણ...

કંસ–જરાસંઘોની શી બલિહારી !
કાલીયનાગો જમુનાજલ વિષવારિ !
સન્ત–મહન્તોની વરવી લાચારી !

દુર્યોધન, દુઃશાસન–શકુની,
માણે પાશવી લ્હાવ !
તું પાર્થ સારથી આવ !
એકવાર પણ...
આવી શકે તો આવ.

'યદાયદા'ની વાત ગયો તું વિસારી ?
લાખ લાખ હ્યાં દ્રુપદસુતા દુઃખિયારી,
દ્રોણ–ભીષ્મ ને ધર્મની ફાવે ન કારીઃ

વિદુર-યુયુત્સુ ગણના કેવી ?
તારક એક જ માવ,
તું એકવાર પણ
આવી શકે તો આવ.
છિન્નભિન્ન ત્હારા ભારતને
એક અખંડ બનાવ
એકવાર બસ
એકવાર...

* * *

## શ્રેય

ગો ભિન્ન, કિન્તુ પય શ્વેત સર્વનું,
દીવા જુદા કિન્તુ પ્રકાશ એક;
ધર્મો ભલે ભિન્ન, સમાન ધ્યેય,
પ્રજા-ખગો, વિશ્વ-નીડે જ શ્રેય.

ડૉ. રણજિત પટેલ
( अनामी )



# 'બિંદુ'ના બાલ–યોગેશ્વર

મહેન્દ્ર દ. પંડયા

કવિતા એ લલિત સાહિત્યનું એક અંગ તો છેજ, પરંતુ સાહિત્ય સિવાય જીવનનાં અન્ય ક્ષેત્રોમાં પણ કવિતાનું મહત્ત્વ લેશમાત્ર ઓછું નથી. માનવજીવનમાં વિવિધ ભાવો, વિવિધ પ્રકારની લાગણી ઉદ્ભવે છે. અને એ ભાવો કે લાગણીઓ જ્યારે ઉત્કટ બને છે ત્યારે ગદ્ય કરતાં કવિતા એની અભિ-વ્યકિત માટેનું વધું યોગ્ય અને સમર્થ માધ્યમ બને છે. ગદ્યમાં પણ ભાવોની ઉત્કટતા ગદ્યની કોટિએ લઇ જાય છે. આમ આપણા જીવનના વિવિધ ભાવો, લાગણીઓ–પ્રણય, વિરહ, વ્યથા, આશા-નિરાશા, ભકિત–તત્ત્વજ્ઞાન વગેરે પણ સંસારના આરંભથી કવિતાના માધ્યમ દ્વારા વ્યક્ત થયા છે. રામાયણના રચનાર આપણા આદિ મહાકવિ વાલ્મિકીથી આરંભ કરી આપણા ગુજરાતી સાહિત્યના આદિકવિ નરસિંહ, મીરાં, અખો, દયારામ વ. સંતકવિઓની પરંપરાએ પણ કવિતાને જ પોતાની અનુભૂતિઓની અભિવ્યક્તિ માટેનું સાધન બનાવ્યું છે. આ જ પરંપરામાં શ્રી યોગેશ્વરજીએ પણ પોતાની કવિતાનું સર્જન કરેલું છે, અને એ દ્વારા એમના વ્યકિતત્વનાં વિવિધ પાસાનું દર્શન થાય છે, એટલે એમના કવિતા સંગ્રહોનો માત્ર સાહિત્યિક દૃષ્ટિબિંદુથીજ નહિં પરંતુ તેમના વ્યકિતત્વના દર્શન તરીકે જ રસાસ્વાદ લેવો ઘટે.

'બિન્દુ' એમનો બાળગીતોનો સંગ્રહ છે. શ્રી નારાયણ-ભાઇ જાનીની પુત્રી સ્વ. બિંદુના સ્મરણાર્થે આ કવિતાસંગ્રહનું પ્રકાશન થયું છે. આ સંગ્રહમાંના કાવ્યોને બે વિભાગમાં વહેંચી શકાય–ન્હાનાં બાળકો અને કિશોર વયનાં બાળકો માટે. ન્હાનાં બાળકો પોતાની આસપાસના વાતાવરણમાં જે

જે વસ્તુઓ-પંખી, ઝરણાં, હરણાં, વરસાદ, સાગર કમળ, અન્ય પુષ્પો, હીંચકો ચન્દ્ર, પતંગિયાં વગેરે જુએ છે ત્યારે તેના મનમાં જે જે ભાવો જાગે છે, એના બાળમાનસ પર જે જે પ્રતિબિંબો પડે છે, તે સૌનું એનીજ સરળ ભાષા, અને સરળ શબ્દોમાં દર્શન, કથન, અને વર્ણન એ શ્રી યોગેશ્વરજીના આ પ્રકારનાં કાવ્યોમાં પ્રતિબિંબિત થાય છે. એ બાલ્યકાલમાં વિચારો કે આદર્શોને સ્થાન હોતું નથી, પરંતુ બાલસુલભ કુતૂહલ અને જિજ્ઞાસા એ મુખ્ય ભાવ છે, અને શબ્દોની પસંદગી અને ભાષાની સરળતા એ ભાવોનું વાહન છે. એ સમજવા માટે—એ ભાવોની અનુભૂતિ સાદૃશ કરવા માટે કવિએ પરકાયાપ્રવેશ કરી માનસિક રીતે બાલકના સ્તરે પહોંચવું પડે છે, અને તોજ આ ભાવોની તાદૃશતા તથા મૂર્તતા કવિતામાં ઉતરે છે. અહીં આપણે શ્રી યોગેશ્વરજીને—બીજા કવિતા સંગ્રહોમાંના પ્રૌઢ અને તત્ત્વજ્ઞાની કવિને—આ બાલ્યભાવોનું પ્રત્યક્ષ દર્શન અને ગાન કરતા નિહાળીએ છીએ. બાળક પોતાની આસપાસના વાતાવરણમાંથી જે દર્શન કરે અને ગ્રહણ કરે એ પર્યાપ્ત નથી. બાળકની સમક્ષ આખું જીવન પડેલું છે અને એ જીવન-ઘડતર—એ સમગ્ર જીવનની સફળતાનો પાયો બાલ્યવયમાં જ નંખાય છે, એટલે માત્ર યથાતથ વર્ણન સિવાય પણ બાળકની વિચાર શક્તિ ખીલે અને તેના ભાવિ જીવન માટે તેને સેવા, દેશભક્તિ માનવતાની વિશાળ ભાવના, સમાજ પ્રત્યેની ફરજોનું ભાન થાય તેવા આદર્શો તેની સમક્ષ રજુ થવા જોઈએ. આ પ્રકારનું જીવન ઘડતર—અને એના મનમાં આદર્શોનું સિંચન કિશોરાવસ્થામાં થાય છે. એ સંબંધી પણ ઘણાં કાવ્યો આ સંગ્રહમાં છે. પ્રથમ કાવ્ય-'પરમાત્માને પ્રણામ'માં જીવનમાં સુંદર અને પરમમંગલની પ્રાપ્તિનો આદર્શ રજુ થાય છે.



"બંને જીંદગી સત્યમયી ને
સુંદર તેમ જ મંગલ આ
અર્પણ બીજાને કાજે હો
બીજી કોઈ ઇચ્છા ના"

જીવનમાં અખંડ પુરુષાર્થની યાચના અને ગીતાના सुख-दुःखे समेकृत्वा જેવા બોધનું સરળ ભાષામાં ઉદ્‌બોધન 'સાગરનું ગાન'માં નીચેની પંક્તિઓમાં થાય છેઃ–

"અખંડ પુરુષાર્થતણું ગાઈ,
અમે રહીએ ગાન,
આવી રીતે સદા કરીએ,
હરખશોકનું પાન....સાગર તારૂં૦

સાગરમાં ભરતી-ઓટ આવે, જાય અને સમાય એમ સરળ ભાષામાં હરખશોકને પોતાના અંતરમાં સમાવી લેવાની આ અભીપ્સા અને યાચનામાં જીવનના પુરુષાર્થ અને સમત્વના આદર્શો સમાયેલા છે.

'પ્રભુને વ્હાલાં બાળ' (પૃ. ૨૯) અને 'કોણ' (પૃ. ૫૩) માં બાળકની નિર્દોષતાનું વર્ણન છે તો 'પ્રેમળ જાગો જ્યોત' (પૃ. ૪૧), 'અંતર આંખડી દે' (પૃ. ૪૩), 'હિંમત ના હારવાના' વગેરેમાં કિશોરો સામે માનવ પ્રેમના, સેવાના, નિડરતાના વગેરે આદર્શોની રજુઆત છે તો 'સેવાદ્વારા પ્રભુભક્તિ'નો આદર્શ નીચેની પંક્તિઓમાં કેવો હૃદયંગમ લાગે છે. (પૃ. ૫૮)

"સૌમાં રૂપ તમારૂં ભાળી,
સેવા કરૂં સદાયે ન્યારી,
કેવી શાંતિ મને તો થાય? કાયા ધન્ય બની આ જાય."

રાષ્ટ્રભાવના એ આ યુગની એક પ્રધાનભાવના છે, કારણ આજનાં બાળકો અને કિશોરો ભવિષ્યની આશા છે, દેશના

ભાવિ નાગરિકો છે, જેમના પર દેશના અને સમાજના ઉદ્ધારનો આધાર છે, એટલે રાષ્ટ્રભક્તિની ભાવનાનું સિંચન તો આજના બાળકોનાં માનસમાં થવું જ જોઇએ. આ પ્રશ્ન પણ શ્રી યોગેશ્વરજીના ધ્યાનબહાર નથી રહ્યો અને એટલે જ આ સંગ્રહમાં રાષ્ટ્રભક્તિનાં કેટલાંક સુંદર ગીતો છે 'છે આવો એક દેશ'માં ભારતના ગૌરવનું ગાન છે. એની અંત પંક્તિઓમાં રાષ્ટ્રપ્રેમની શુભેચ્છા છેઃ–(પૃ. ૮૨–૮૩)

"અમર રહો, આઝાદી એની, અમર રહો એ દેશ,
વિશ્વશાંતિના દૂત બનાવો એને હે પરમેશ."

માત્ર દેશની આઝાદી જ નહિં, પરંતુ વિશ્વશાંતિના પરમ આદર્શ માટેની ભારતની વિશિષ્ટતાનું એમાં દર્શન થાય છે.

ભારતની વિવિધતા વચ્ચેની એકતાનું ગાન કવિ 'એક અમારો દેશ' (પૃ. ૧૧૫)માં કરે છે.

એકજ ધરતી, એકજ લોહી,
ઋતું ને કુદરત એની એક,
એકજ લગની, એકજ ભાવના,
એકજ માથાના સૌ કેશ,-એક અમારો૦"

'દેશને પ્રણામ' (પૃ. ૮૫)માં પણ ભારત ગૌરવ ગાન છે, તો 'સ્વતંત્રતા' (પૃ. ૮૭) અને 'સ્વતંત્રતાનું રક્ષણ' (પૃ. ૯૦)માં બાળકોમાં જન્મભૂમિની સ્વતંત્રતા અને એના રક્ષણ માટે સર્વસ્વનું સમર્પણ કરવાની ભાવના છે. આમ રાષ્ટ્રગીતો પણ ભાવોની વિવિધતા, ભાષાની સરળતા અને રાષ્ટ્રની વિશિષ્ટતાનાં સુંદર વર્ણનો વ. થી આદર્શમય અને રસમય બનાવ્યાં છે. રાષ્ટ્ર ભાવના સાથે માનવતાની વિશાળ ભાવના પણ ગુંથી લેવામાં આવી છે. 'આઝાદી અમર રહે' (પૃ. ૧૩૯) માંની અંતિમ પંક્તિઓઃ–

"માનવતાની મહેંકે વાડી
દાનવ કો ન રહે,



મંગલના મારગને માનવ
કાયમકાજ ગ્રહે,–આઝાદી૦"

આત્મા અને પરમાત્મા માનવબાળ અને પ્રભુપિતા વચ્ચેનો સંબંધ અતૂટ છે, આદિથી અંત સુધી છે, ફક્ત એની અનુભૂતિ માટે આવશ્યકતા છે શ્રદ્ધાળુ હૃદયની–પછીએ બાળકનું હો, યુવાનનું હો કે, પ્રૌઢનું હો. આ સંગ્રહમાં કવિ એ વિષયને ભૂલ્યા નથી. 'પ્રભુને પ્રણામ'થી સંગ્રહનો આરંભ છે તો અંતમાં પણ 'પ્રાર્થના' (પૃ. ૧૨૮) અને 'ઈશ્વર-સ્તુતિ' (પૃ. ૧૨૯)માં બાળક પ્રભુ પાસે જીવન જીવવાની–સંઘર્ષોનો સામનો કરવાની તથા જીવનના આદર્શોમાં અચળ રહેવાની યાચના કરે છે. આ ગીતોનો તો બાળકોની શાળાઓની નિત્ય પ્રાર્થનામાં સમાવેશ થવો જોઇએ.

આ સંગ્રહમાં વિષયોની વિવિધતા, ભાવોની ઉત્કટતા સાથે ભાષાની સરળતા અને બાળકો તથા કિશોરોના સ્તરે અનુભવાતા ભાવો તથા લાગણીઓના તાદૃશ નિરૂપણમાં આપણને બાલ યોગેશ્વરજીનાં દર્શન થાય છે, અને એ બાલભાવો સાથે તેમણે સાધેલી તદ્રુપતા એ માત્ર આ સંગ્રહનું જ નહિં એમના વ્યક્તિત્વનું પણ વિશિષ્ટ પાસું છે.

શ્રી યોગેશ્વર કૃપા.

**સંદિપ વેલ્ડીંગ વર્કસ**

ગ્રીલ, દરવાજા તેમજ મેઈનગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭.

# એક સાધકના યોગાનુભવમાંથી (૪)

પુષ્કર ચંદરવાકર

ખંભાત જેટલું ઐતિહાસિક નગર તરીકે જાણીતું તેટલું અધ્યાત્મનગર તરીકે ખ્યાત-પ્રખ્યાત નથી. ખંભાતમાં શિવાલયો, જૈનમંદિરો, દેવીઓનાં મંદિરો, વૈષ્ણવહવેલી, રામજી મંદિરો અને મસ્જિદો છે તેટલાં ભાગ્યે જ કોઈ ખંભાત જેટલી આબાદી ધરાવતાં નગરોમાં હશે.

મંદિરો, મસ્જિદો ને જિનાલયો હોવાના કારણે સંતો, સિદ્ધો અને ઓલિયાના અહીં અખાડા હતા. આ લોકના કારણે ખંભાત સંસ્કારનગરી ને ધર્મનગરી પણ ખરું.

આથી જ પૂ. શ્રી સ્વરૂપાનંદજી સ્વામીએ ઈ. સ. ૧૯૨૩ થી ૧૯૭૩ જેટલો લાંબો ગાળો-અર્ધ શતાબ્દિનો, ખંભાતમાં વીતાવ્યો. તેમના પરિચય ને સંપર્કમાં ડો. અમીન આવ્યા. તેમના અંગે તેઓ લખે છે કે, “ખંભાતમાં હોઉં એ દરમ્યાન દરરોજ સાંજના દત્તમંદિરમાં સ્વામી સ્વરૂપાનંદજીની પાસે ‘સ્વાધ્યાય’ માટે જતો. તેમની સ્વાધ્યાય પદ્ધતિ અનન્ય અને અનોખી હતી. જ્ઞાનનિષ્ઠા અદ્વિતીય હતી. વેદાંતના ગ્રંથોની પંક્તિએ પંક્તિ બેસાડી તેઓ અભ્યાસ કરાવતા. એક જ સ્થળે પચાશ વરસ સુધી રહીને તેમણે સતત મનન ને નિદિધ્યાસન કરેલું. પરિણામે એમની આસપાસ ચૈતન્ય સભર જ્ઞાનમય વાતાવરણ થઈ ગયેલું. જ્યારે જઈએ ત્યારે સ્વાધ્યાયની સુવાસ અને જ્ઞાનનો પરિમલ અનુભવાય. તેઓ ઇ. સ. ૧૯૭૩માં બ્રહ્મલીન થયા, ત્યાંસુધી તેમનો સમાગમ રહ્યો. પરંતુ તેઓશ્રીના બ્રહ્મલીન થયા પછી તેમના નિર્વાણ-મહોત્સવમાં જે સન્યાસી, મહાત્માઓ ને સાધુસંતો આવે,



તેમાંના કેટલાક પરમ કોટિએ પહોંચેલા વિરક્ત મહાત્માઓ ખરા જ, દર વરસે આવો નિર્વાણ મહોત્સવ મોટા પાયા પર આળીમાં ‘સ્વરૂપાશ્રમ’માં આજેય ઉજવવામાં આવે છે. જ્યાં દર વરસે મોટી સંખ્યામાં સંન્યાસી, મહાત્માઓ વગેરે આવે છે. પૂર્વના ઋણાનુબંધથી આમાંના કેટલાક મહાત્માઓ પાસેથી મને ઘણું મળ્યું. તેઓ સૌ હયાત હોવાથી નામોલ્લેખ કરતો નથી. અલબત ખંભાતના મુમુક્ષુ સાધકોને અનાયાસે ઘણો લાભ મળ્યો.

તેઓએ ખંભાતમાં રહીને ખંભાતના સંન્યાસીઓ, સાધુ અને સંતો પાસેથી ઘણું મેળવ્યું છે. અધ્યાત્મક્ષેત્રના છૂપા રત્નોને ખંભાતે પાળ્યાંપોષ્યાં છે. જૈન વિદ્વાન સાધુઓ અને સાધ્વીએ, પૂ. શ્રી સચ્ચિદાનંદ જેવા સંન્યાસીઓ ચતુર્માસ ગાળવા ખંભાત વસ્યાનું કહેવાય છે, આવા ખંભાતમાં કોલમપાડાના લત્તામાં ફૂલાશંકર મહારાજ વસતા. તેમના ડહેલા સામે હરિશંકર મહારાજ રહે. હરિશંકર મહારાજ પણ આત્મતત્ત્વની ખોજમાં રત રહેતા જીવ. તેઓ અનેક સાધુસંતો અને સંન્યાસીઓના પરિચયમાં આવેલા અને તેઓ ગુરુપરંપરાથી સુજ્જ થયેલ સાધક. ડો. અમીન એમના સતત પરિચયમાં હતા, આથી તેઓ લખે છે કે, “હાલ જે જગા પર ફૂલશંકર મહારાજનો ફોટો ટાંગેલો છે, તે સ્થળ-ઓરડામાંના અનુકંપનો-વાયબ્રેશન્સ-ચૈતન્યસભર છે. ધ્યાન અને જપ માટે ખૂબ સારી-સારામાં સારી-આ જગા છે. ફોટો જીવંત લાગે ને સાધકને ત્યાં બેસવાથી જાણે અંદરથી માર્ગદર્શન થતું હોય તેવો અનુભવ થાય છે. આ સ્થળનો મને ઘણો લાભ મળ્યો. આમ તો, ફૂલાશંકર મહારાજ સંત પ્રણવરામના પૂર્વાશ્રમના ભક્તિમાર્ગના ગુરુ હતા. ફૂલશંકર મહારાજની ખંભાતમાં અને ખંભાતબહાર-સમગ્ર ચરોતરમાં

એમની સંત તરીકેની સુવાસ પ્રસરેલી. તેઓ સહૃદયી શ્રેષ્ઠ કોટિના સમાજસુધારક પણ હતા. ને સાચા અર્થમાં સંત. ગાંધી વિચાર ધારા અને સેવાપરાયણતા એમની રગેરગમાં વ્યાપી ગયેલ હતી. એમના સ્પર્શથી-ઉપદેશથી અનેકના જીવનમાં પરિવર્તન આવી ગયેલા. એમની પાસેથી સંત-પરંપરા અંગે મને ખૂબ બળપ્રદ ભાથું લાધ્યું છે. ફૂલશંકર મહારાજના પુત્ર શ્રી સીતારામ મહારાજ પિતાના જ માર્ગ પર છે. હમણાં હમણાં હું તેમના સંપર્કમાં છું."

ડો. અમીન ઈ. સ. ૧૯૬૭-૬૮ ના વર્ષમાં પૂ. મોટાના પરિચયમાં આવ્યા, કેમ કે તેઓ પણ એક સમર્થ સાધક અને યોગી હતા, વળી તેમનો આશ્રમ ખંભાતથી નજીક, આથી સગવડ પણ રહે. નડિયાદ શહેરની સ્હેજ દૂર શેઢી નદીકાંઠે રમણિય સ્થળે તેમનો મૌનમંદિરના નામે આશ્રમ છે. ડો. અમીન લખે છે કે 'એમની સાધનાએ આકર્ષ્યો. તેમને ઘણીવાર મળવાનું બનેલું. પછી તો ખંભાતમાં પણ તેઓશ્રી ઘણીવાર આવતા.'

ત્યારબાદ ડો. અમીન નડિયાદના હરિૐ આશ્રમના મૌન-આશ્રમમાં એક અઠવાડિયા માટે રહેવા ગયા. તે અંગે ડો. અમીન લખે છે કે "સાધના માટે ત્યાં સારી સુવિધા છે. ત્યાં સાધકને એકાંત મળે છે. એ વખતે મારી અંદર સગુણ સાક્ષાત્કારની ભભૂકતી આગ જેવી પ્રબળ ઇચ્છાશક્તિ–વોલ્કેનિક, જાગેલી, હમણાં દર્શન થશે, એની ઝંખનામાં આખી રાત જાગતો રહું, દિવસે પણ આ જ સ્થિતિ. 'જાગતે રહો!' એ સૂત્ર આંતર્મનમાં ઉતરી ગયેલું. 'દર્શન'ની તીવ્ર અભીપ્સા અને તાલાવેલી...રાતદિવસ એની ઝંખના રહે. એ દિવસોમાં 'ચીર હરણલીલામાં અદ્વૈતભાવ' લખાયું. પણ



એ વખતે 'સગુણ સાક્ષાત્કારનો અનુભવ' ન થયો, પણ નીરવ શાંતિનો અનુભવ થયો. પણ મનમાં થયા કરે કે આખી જિંદગી આવા મૌનમંદિરમાં એકાંત સ્થળમાં રહેવાનું મળે તો સારું! આ વિચાર કેટલાય સમય સુધી મનમાં રમ્યા કર્યો.

ઈ. સ. ૧૯૭૦ માં અમદાવાદ નજીક હાંસોલ આશ્રમમાં પૂ. શ્રી મધુસૂદનજી મહારાજના ડો. અમીનને પ્રથમ દર્શન થયાં. પછી મનુવર્યજી મહારાજે યોજેલ યોગપરિષદના-ધ્યાનયોગ પરિષદના પૂ. મધુસૂદનજી મહારાજ ધ્યાનવિભાગના પ્રમુખ હતા. તેઓ તે જ પરિષદમાં ધ્યાન અંગેનું ઉદ્બોધન કરવાના હતા. તેમણે તે પરિષદમાં તેમના પણ યોગ અને ધ્યાન અંગેના અનુભવો કથેલ. આ પરિષદમાં ડો. અમીન પૂ. મહારાજની નજીક આવ્યા. આત્મિયતા પણ સ્થપાણી, આથી પૂ. મહારાજના રણકાંઠે રાધનપુર નજીકના બંધવડ ગામે ડો. અમીન ઉનાળાની લાંબી છૂટ્ટીના દિવસોમાં રહેવા ગયા. ડો. અમીન લખે છે કે ત્યાં પૂ. બાપુની સાથે રહેવાનો યોગ થયો. પૂ. મહારાજશ્રી મહદ્ અંશે મૌનમાં રહેતા. એકદમ મિતભાષી, બાળસહજ સરળતા અને નિર્દોષતા! નિર્મળતા એમના મુખમંડળપર નિરખાતી. તેઓએ બંધવડમાં હનુમાનજીના મંદિરની પડખે એક ગૂફા બનાવડાવી. તે ગૂફાની અંદર એક નાનકડી ને સાંકડી, એક જ માણસ બેસી શકે તેવી ગૂફા કરાવેલી. તેઓએ ત્યાં પહેલાં સાધના કરેલી. એમાં બેસીને મારે સાધના કરવાનું નક્કી થયું. અહીંનો બહારનો વિસ્તાર સાધના–ધ્યાન માટે એકદમ પ્રતિકૂળ હતો. કેમકે ઉનાળાના દિવસોમાં રાધનપરીના પંથકમાં બળબળતી લૂ વાતી હોય, અસહ્ય તાપ પડતો હોય સણુણ સણુણ રણની કાંધીની રેતી વાયરા સાથે

ઊડતી હોય. વનરાજી કે ઝાડપાનનું નામનિશાન ન મળે. આવી પ્રતિકૂળ જગા ને કેન્દ્રમાંની ગૂફામાં બેસી પૂ. મહારાજે ઘોર સાધના કરેલી. એ ગૂફામાં બેસીને મેં સતત ચાળીસ દિવસો માટે સાધના કરેલી. વહેલી સવારે ૫–૦૦ વાગે શૌચ–સ્નાનથી પરવારીને હું અંદરની એ ગૂફામાં બેસી જતો, પદ્માસન મારીને. પહેલાં આંખો બંધ રહેતી પણ પછી ઉઘડી જતી. સાંભવી મુદ્રા જેવું થતું. (સાંભવી મુદ્રા પર અલગ નોંધ કરવી જરૂરી છે. તે પ્રકટ થશે.) ગૂફામાં અંધારું રહેતું પણ મને એ વખતે ત્યાં ઉઘાડી આંખે પ્રકાશપૂંજો, તેજવલયો, દેવદેવીઓ, સંતમહાત્માઓ, તીર્થ મંદિરોની પ્રતિમાઓ, બિંબો વગેરે નયનમનોહર દિવ્ય દશ્યો-ડિવાઈન વિઝન્સ, ઉઘાડી આંખે પડદા પરના ચલચિત્રની જેમ દેખાયાં કરતાં, અને તે પણ અસ્ખલિતપણે. કુંડલિની ઉત્થાનના ચિન્હો શરીરમાં અવારનવાર અનુભવાતાં. વચ્ચે એકાએક, એકદમ, પ્રણવમંત્ર શરુ થઇ જતો, નાભિમાંથી શરુ થાય તે મસ્તકમાં સહસ્રાધારે વિરમે. એના કંપનો આખા શરીરમાં પ્રસરી વળે. આખો દેહ ધ્રૂજી ઊઠે રોમેરોમ આનંદથી પુલકિત થાય. વહેલી સવારે બેસતો તે સાંજે ૬–૦૦ વાગે બહાર નીકળતો. અંદર અનેકવિધ ચિત્રવિચિત્ર અનુભવો ચાલુ રહે. આ ધારાપ્રવાહનો અદ્ભુત અનુભવ! આ એક જ સ્થળે સતત ચાળીશ દિવસ સુધી અખંડ સાધના રહી. વચ્ચે વિઘ્નો ઘણા આવે. તેઓ નડે. અંતરાયકર્મો જબરજસ્ત જોર કરે, પણ સાધનાપ્રવાહ અસ્ખલિત રહ્યો. રાત્રે અગાસીમાં એકલો સૂઈ રહેતો. આખી રાત પણ એમ જ જતી. આહારમાં ગાયનું થોડું દૂધ લેતો, આથી ગમે ત્યારે સળંગધ્યાનમાં બેસવામાં હરકત પેદા ન થતી. દૂધની ટેવ પડી ગયેલી છે, સદાશિવ આશ્રમમાંથી જ. સદાશિવ આશ્રમમાં 'વૈદિક મંત્ર



સાધના' વખતે પૂ. સદાશિવ સ્વામી દૂધ જ આપતા. દૂધ-પાનથી મંત્ર-ઉચ્ચારણના આંદોલનો આખા શરીરમાં અને શરીરસ્થ સૂક્ષ્મતર નાડીજાળમાં પ્રસરે ત્યારે એના ધ્વનિપ્રતિ-ધ્વનિ વખતે પ્રાણના પ્રવાહને પસાર થવામાં, સાનુકૂળતા રહે અને પ્રાણ સરળતાથી સમગ્ર શરીરમાં સહજ રીતે પ્રસરી જાય. એ વખતે મને કુદરતી રીતે જ ગાયના દૂધ તરફ આંતરિક અભિરુચિ અને આકર્ષણ જાગેલું. ઇ. સ. ૧૯૭૩ પછી તો એકલા દૂધ ઉપર જ રહ્યો છું. બંધવડની આ ચાળીશ દિવસની સાધના એકધારી, એકદમ નક્કર હતી. બહાર નીકળ્યા પછી તો ઘણા અનુભવો થયા. જેમકે આકાશ-માંથી સૂર્યના ગોળા ને ગોળા આવે. કપાળમાં ને છાતીમાં અથડાય અને શરીરમાં સમાઇ જાય. આવા તો અનેક વિધ અનુભવો થયા કરે. મોટાં મોટાં તીર્થો, એનાં મંદિરસમૂહો, ગર્ભસ્થ પ્રતિમાઓ વગેરેના આબેહૂબ દર્શન થાય. પ્રત્યક્ષ દર્શન કરતાં પણ વધુ સુરેખ ને સ્પષ્ટ...આકાશમાંથી મંત્ર-ધ્વનિ સંભળાય. સંગીતના સમધુર તાલ અને લય મંત્રધ્વનિ થતાં સંભળાય. લયમાં મંત્ર, તેમ જ મંત્રધ્વનિ થતાં 'ઇથર'માંથી વાતાવરણમાંથી સંભળાય. એકાએક દિવ્ય સુગંધી પરિમલ પ્રસરી જાય. તાલુસ્થાનેથી લલનાચક્રમાંથી મિષ્ટ રસપ્રવાહ શરુ થઈ જાય. આ વિષયને લગતાં સાહિત્યગ્રંથો પ્રાચીન પોથીઓ અને ધર્મગ્રંથોનાં સળંગ પૃષ્ઠો દેખાયા કરે. વૃક્ષોનાં મૂળિયાં દેખાય પહાડો-પર્વતો નજરે થાય. ધરતીના પેટાળમાં એટલું બધું દેખાય, કે જાણે ત્યાં ખજાનાના ખજાના ભર્યાં છે. આવા તો અનેક, વિધવિધ, અગણિત, ચિત્રવિચિત્ર અનુભવો–દર્શન થવા લાગ્યાં!'

(ક્રમશઃ)

# વ્રતોત્સવ (૫)

કલ્યાણ

આજે તા. ૨૮-૧૨-૮૬, રવિવાર, હરિદ્વાર, આર્ય-નિવાસ. સમય સવારના સાત. આજના પુનિત પ્રભાતે ગંગા-મૈયાની ગોદમા આવેલા એ પવિત્ર ઓરડામાં સૌ ભક્તજનો પૂ. માના દેવદુર્લભ દર્શન પામે છે. ઠંડીને લીધે સફેદ ગરમસાલ ઓઢી, મસ્તક પર આછા બદામી રંગનો મોટો નેપકિન વીંટી પૂ. મા પલંગપર બિરાજ્યાં છે. સળગતી સગડી વાતાવરણને હૂંફ આપી રહી છે. વાતાવરણને પણ પોતાના રંગ હોય છે. પૂ. માની આસપાસ વાતાવરણ દિવ્યતા સહજ પ્રાપ્ત કરી લે છે. પૂ. માના મુખકમળમાંથી વહેતા પ્રેમ પ્લાવિત સુરો અંતરને પ્રસન્નતાથી ભરી રહ્યા છે.

ૐ નમો ભગવતે ગુરુદેવાય,
ગુરુદેવાય જો ભાવે ભજાય,
માયા ને મમતાના બંધ કપાય
ૐ નમો ભગવતે યોગેશ્વરાય.

અંતરતમમાંથી સહજ વહેતી થતી ધૂનની સરવાણી ક્ષણમાં તો અણુએ અણુમાંથી વહેવા માંડે છે. જાણે તન્મયતા મૂર્તિમંત બની જાય છે. પૂ. માના સાન્નિધ્યમાં સંકીર્તન મસ્તી અપૂર્વ લ્હાવો બની જાય છે. અંતરમાંથી વહેતા થયેલા એ સંકીર્તનના પવિત્ર ઝરણામાં ન જાણે ભકતો કયાંય સુધી સ્નાન કરતા રહે છે.

રામાયણના ગાનમાં આજે ઉત્તરકાંડ શરૂ થયો છે. પૂ. મા રામાયણના સારરૂપ એક પંક્તિ વારંવાર સંભળાવી રહ્યા છે.



માગુ વરને એક હું નાથ કૃપાથી દો
જન્મજન્મ પ્રભુપદકમલ ઘટે પ્રેમ ના હો.
સીયાવર રામચંદ્ર કીજે, પવનસુત હનુમાન કીજે.

પૂ. મા કાકભુશંડજીની કથા વિસ્તારથી સમજાવે છે. પૂ. મા કહે “ મોહવશ માનવ ભગવાનને અશ્રદ્ધાથી જુએ છે. પ્રભુ જયારે કઠોર બની ભક્તની પરીક્ષા કરે ત્યારે તેની શ્રદ્ધા ડગી જાય છે. તર્કવિર્તકોના જાળામાં ફસાઇ જાય છે. પૂ. મા અહીં ગુરુદેવપ્રભુની હાર્ટએટેકની ગંભીર માંદગીને યાદ કરતાં કહે કે એ સંજોગોમાં કેટલાક ભકતો મોહવશ બની અશ્રદ્ધાના ચક્કરમાં ફસાયા હતા.

સતત ચાર દિવસથી ચાલતું રામાયણનું પારાયણ પૂ. મા આજની બપોરની બેઠકમાં પૂર્ણ કરે છે. એક સત્કાર્યનો સંકલ્પ પૂરો થતાં પૂ. મા કૃતાર્થતા અનુભવી રહ્યા છે. ગદ્‌-ગદિત ભાવે પૂ. મા પ્રભુનો આભાર માની રહ્યા છે. પ્રભુને પ્રાર્થના કરતાં કહે છે કે વર્ષમાં એકવાર રામાયણનું પારાયણ ગંગાકિનારે કરાવજો. રામાયણના સારરૂપ કેટલીક પ્રિય પંકિતઓનું વારંવાર ગાન કરી, પ્રભુના એ અક્ષરદેહને મસ્તકે ચઢાવી કૃતકૃત્યતાની ઊંડી લાગણી અનુભવી રહ્યા છે.

સાંજની બેઠકમાં શિવપાર્વતિ પ્રસંગની કથા ટૂંકમાં કહી તેનું પારાયણ પૂર્ણ કરે છે. ભકતોની શુભ ભાવનાઓ અને તેઓના આત્મિકલાભ માટે પૂ. મા સ્થળ કાળનું ભાન ભૂલી ભારે પરિશ્રમ કરે છે. રંજનબેન અને તેમના પતિ આવતીકાલે સવારે જવાના છે. તેઓ ગંગાના પાવન તટે રામાયણ પારા-યણના દુર્લભ અવસરનો લાભ લઈ શકે તે માટે સમય ને આરામનો ભોગ આપી પૂ. માએ પારાયણ એક દિવસ વહેલું પૂર્ણ કર્યું. રંજનબેન પૂ. માની કૃપા ને પ્રેમાશ્રુઓથી છલકાતા નયનોથી મસ્તક પર ચઢાવી ધન્યતા અનુભવી રહ્યાં. ગંગા-

કિનારે પૂ.માના દેવદુર્લભ સાન્નિધ્યમાં એક સત્કાર્યપૂર્ણતા. નો સંતોષ રંજનબેનના મુખારવિંદ પર ફરી વળ્યો. પરંતુ પૂ. માને હજુ સંતોષ નથી. પૂ. મા આવતીકાલથી ગુરુલીલા. મૃતનું પાન કરાવવાના છે. તો રંજનબેન એ અમૃતપાનથી કેમ બાકાત રહે? પૂ. માની ઇચ્છા રંજનબેનને જેટલો પણ લાભ અમૃતપાનનો મળે તે આપવાની છે. અત્યારે રાત્રિના ૧૦ વાગ્યા છે એટલે રંજનબેન વધુ પરીશ્રમ ન લેવા પૂ. માને વિનંતિ કરે છે. પૂ. મા કહે "સમયનો કોઇ ભરોસો નથી. સત્કર્મમાં વિલંબ શા માટે? અમે તો હજુ આખી રાત બેસવા તૈયાર છીએ." આખા દિવસના સતત પરીશ્રમને શરીર કોઇ રીતે સહન કરી શકે તેમ નથી છતાં કોઇની વિનંતિ ધ્યાન પર લીધા સિવાય પૂ માએ એટલાજ ઉત્સાહથી ગુરુલીલામૃતનું પારાયણ શરૂ કરી દીધું છે. ઉત્સાહનો અવિરત સ્રોત ન જાણે કયાંથી વહી રહ્યો છે? પ્રભુપ્રેમના પ્રાગટ્યનો આટલો પ્રચંડ પ્રતાપ! પૂ. માના સત્સંગના કાર્યક્રમો જેમણે માણ્યા છે તેઓએ અનુભવ્યું છે કે એ પ્રેમની પાગલતામાં રાત ને દિવસના કોઈ ભેદ રહ્યા નથી. આખો દિવસ શરીરે ભારેશ્રમ કર્યો છે તેનું પૂ. માને અત્યારે કંઇ ભાન રહ્યું નથી.

ક્ષણવારમાં તો ગુરુલીલામૃતના ગાનમાં શરીરનું અણુએ-અણુ નર્તન કરી ઉઠ્યું. ઋષીકેશ, દેવપ્રયાગ, ઉતરકાશી વિ. તીર્થસ્થાનોમાં જ્યાં જ્યાં શ્રી ચરણો વિહર્યાં છે તેના મહિમાના ગાનમાં એટલાં તો તન્મય બની ગયાં કે પ્રભુપ્રેમ શ્રી વિગ્રહ દ્વારા મૂર્તિમંત બની ગયો જાણે! પૂર્ણિમાબેન હાથ જોડી પૂ. માને વધુ પરીશ્રમ ન કરવા વિનંતી કરે છે. પૂ. મા કહે "અમે કોઇના રોકયા રોકાતા નથી." પ્રભુને પોકારતાં કહે "છોડીને તુ ગયો છે કયાં, કહે દોડીને હું આવું ત્યાં" પૂ. મા ગુરુદેવ પ્રભુની લીલાની અનેક રચનાઓ



સંભળાવ્યે જ જાય છે. પૂ. મા હાસ્ય રેલાવતાં કહે "અમારી દુકાનમાં જાતજાતની આઇટેમો છે, જે માગે તે સંભળાવ્યા જ કરીએ, અમે તો ગ્રાહકોની રાહ જોઇએ છીએ" પૂ. મા પ્રેમમિશ્રિત મધુર કંઠે ચોપાઇઓનું મધુરગાન કરી રહ્યાં છે. દરેક ચોપાઇને અંતે–

જયજય યોગેશ્વર ભગવાન
જયજય રામચંદ્ર ભગવાન
જયજય પવનસુત હનુમાન–ના સમુહગાન

સાથે આનંદોત્સવની ભરતીથી ઓરડો છલકાઇ ઉઠે છે. પ્રભુનામ સંકીર્તનની મસ્તી પૂ. માના રૂપમાં જાણે સાક્ષાત બની ગઇ છે. ભકતો તો માનું એ વિરલરૂપ આશ્ચર્યથી જોઈ રહ્યા છે. આ સત્સંગ સરિતા જ્યાંસુધી નહીં અટકે ત્યાંસુધી પૂ. મા આરામ નહીં કરે તેથી જાણે કાર્યક્રમની અચાનક પૂર્ણાહૂતિ કરતા હોય તેમ પૂર્ણિમાબેન "યોગેશ્વર ભગવાન કી જે" બોલાવે છે. પૂ. મા કહે "કેમ કંટાળો આવ્યો? કે મા આરામ કરે એટલે? તમને ખબર નથી કે મા કેટલો આરામ કરે છે? રાત્રે મા શું કરે છે તે તમને શું ખબર?"... પ્રભુદર્શન માટે અહર્નિશ ચાલતા યજ્ઞનું સહજ દર્શન પૂ. મા કરાવી ગયાં. સાંજની બેઠક પૂર્ણ થાય તે પહેલાં તો શ્યામભાઈની 'રાધે રાધે શ્યામ મિલાદે' ની ધૂનથી આરડો ગુંજી ઉઠે છે. નામ સંકીર્તનમાં આજે એટલો આનંદ આવ્યો કે કોઇને જાણે હજુ ઉઠવાનું ગમતુ નથી એટલે પૂ. મા કહે જે વહેલા ઉઠે તેને પ્રસાદીમાં બે પેંડા, પછી હળવેકથી કહે "પ્રભુપંથમાં વહેલા ઉઠે તેને" નિર્દોષ હાસ્યથી ઓરડો ઉભરાઇ રહ્યો.

ગુજરાતના પ્રસિદ્ધ સંત શ્રી રંગઅવધૂત મહારાજે અહીં આર્યનિવાસમાં પાર્થિવ શરીરનો ત્યાગ કર્યો હતો. તેની

સ્મૃતિમાં અહીં એક ઓરડામાં તેમનાં સ્મૃતિ ચિહ્નો તથા પ્રતિમા રાખવામાં આવી છે. પૂ. માએ તા. ૨૯/૧૨/૮૬ ના રોજ સવારે ૮–૩૦ વાગ્યે આર્યનિવાસના સેવાભાવી સંચાલક શ્રી અમૃતલાલભાઇના હસ્તે પૂ શ્રી રંગઅવધૂત મહારાજની પૂજાનો કાર્યક્રમ રાખ્યો છે. સમય થતાં પૂજાવિધિના કાર્યક્રમનો શ્રી વિજયભાઇએ પ્રારંભ કર્યો છે. થોડી અસ્વસ્થતાને લીધે પૂ. માને આવતાં થોડી વાર લાગી છે. પૂ. મા પૂ. શ્રી રંગઅવધૂત મહારાજને હાર પહેરાવી પ્રણામ કરે છે. પૂ. મા કહે "પૂ.શ્રીની કૃપાથી વડોદરામાં વિચાર સ્ફૂર્યો કે આર્યનિવાસમાં પૂ. રંગઅવધૂત મહારાજનું સ્વરૂપ પધરાવીએ". આજે એ પ્રતિમાની અહિયાં ભાવભરપુર વાતાવરણમાં પ્રતિષ્ઠા કરવામાં આવી. પવિત્ર મનોકામના આજે પૂરી થતી હોવાથી પૂ. મા ગદ્‌ગદ્‌ભાવે પૂ. બાપજીને શ્રદ્ધાંજલિ અર્પે છે. સ્થાનની પવિત્રતા અને મર્યાદા જાળવવા બદલ શ્રી અમૃતલાલભાઇની સેવાને બિરદાવી રહ્યા છે. પૂ. મા પૂ.શ્રી રંગઅવધૂતજીના કૃપા પ્રસંગની વાત કરે છે. પૂ. મા કહે "મારી સાધનાવસ્થા દરમ્યાન એક વખત તાપીનદીને કિનારે મૌનમંદિરમાં પહેલી જ વખત બેસવાનું બન્યું. એકાંતનો પહેલો જ પ્રસંગ હોવાથી એકાંતમાં ખૂબ ડર લાગે. રાત્રિનું એકાંત અસહ્ય બનતાં ગાંધીજી યાદ આવ્યા. ગાંધીજી કહેતા કે ડર લાગે ત્યારે રામનામનો જપ કરવો અને પ્રાર્થના કરવી. મેં ખૂબ આર્દ્રસ્વરે પ્રભુને પ્રાર્થના કરી. પ્રાર્થના કરતાં શરીરભાન ભૂલાયું, એ ભાવાવસ્થામાં એક અદ્‌ભૂત દૃષ્ય જોવા મળ્યું. નર્મદાજીના વિશાળ પટમાં પૂ.શ્રી રંગઅવધૂતજી મહારાજ લાંબા પગ કરીને બેઠા છે. પાસે એક લાકડી પડી છે. પૂ. શ્રીનું દર્શન થવાથી મન પ્રસન્નતાથી પુલકિત બની ગયું ! ડર ક્યાંય ચાલ્યો ગયો. પછી તો આખી રાત ભજન



કીર્તન કરતાં નાચતી રહી. એકાંત પુરુ થતાં ત્યાંથી પગપાળા ચાલતા છેક નારેશ્વર પૂ. શ્રીના દર્શન કરવા ગઈ." શ્રી અમૃતલાલભાઈએ પણ આજે પૂ. શ્રીના કૃપા પ્રસંગોની ઘણી વાતો કરી. આમ આજની બેઠક પૂ શ્રી રંગઅવધૂત મહારાજની પૂણ્યસ્મૃતિથી ઉભરાતી રહી. ગુરુદેવ પ્રભુએ પૂ શ્રી રંગઅવધૂતની પ્રેમપૂર્વક બનાવેલી આરતીના ગાનથી એ મહાપુરુષને સૌ અંતરથી વંદી રહ્યા.

આજે બપોરે તરલિકાબેન તરફથી સૌ માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી તેમજ રામનામ લખેલી શાલ સૌને પ્રસાદમાં અર્પણ કરવામાં આવી. પ્રસાદિની વાત નીકળતા પૂ માએ કહ્યુ "પ્રસાદિ લેનારે પવિત્ર જીવનનો સંકલ્પ કરવો જોઇએ" પૂ. મા અહીં કેનેડાવાળા શ્રી હર્ષદભાઇ તલાટીને યાદ કરતાં કહે કે તેમને પૂ. શ્રીની ચરણપાદુકાની ઇચ્છા હતી. પૂ. શ્રીએ બજારમાંથી મંગાવી થોડીવાર પહેરી હર્ષદભાઈને પ્રસાદિમાં આપી. પૂ. મા કહે કે એ મહાપુરુષની કૃપા પ્રસાદિનો આજે પણ હર્ષદભાઇના જીવનમાં ઊંડો પ્રભાવ છે. પવિત્ર જીવનનું પ્રેરણાબળ આજે પણ એ ચરણપાદુકા પૂરુ પાડે છે. અહીં પૂ. માનો વાર્તાલાપનો આશય એ હતો કે મહાપુરુષો પાસેથી જે કંઇ કૃપા પ્રસાદિ મળે તેમાં અખુટ શ્રદ્ધાભક્તિ રાખી જીવન જાગૃતિનો પાઠ શીખવો જોઇએ.

સાંજની બેઠકમાં શ્રી શાંતિભાઈ કનેરિયા આવ્યા છે. પૂ. માએ શાંતિભાઈ આવવાના હતા તેથી તેમને માટે બે દિવસ પહેલાં પ્રસાદ અલગ રાખી મૂક્યો હતો. પૂ. મા અત્યારે જ ચાલુ બેઠકે જ તેમને પ્રસાદિ આપવા ઇચ્છે છે. પૂ. માએ પૂર્ણિમાબેન પાસે પ્રસાદિ લેવા ચમચી મંગાવી છે. પૂર્ણિમાબેને ચમચી છેડેથી પકડવાને બદલે અવળી પકડી છે

એટલે પૂ. મા કહે "ચમચી કેમ પકડાય? જાઓ, પાણીથી ફરી સાફ કરી આવો". વાત નાની પણ જીવન જાગૃતિ કેટલી સતેજ. પૂ. માના જીવન વ્યવહારમાં નાની સરખી બેદરકારી પણ જોવા મળતી નથી. જીવન જાગૃતિનો કેવો સરસ પદાર્થપાઠ!

અત્યારે ન્યુઝીલેન્ડથી શ્રી મહેન્દ્રભાઇનો તાર આવ્યો છે. પૂ. મા કહે "આજે મને ખૂબ શાંતિ થઈ. આ છોકરાની મને બહુ ચિંતા હતી". શ્રી મહેન્દ્રભાઈ તેમના પત્ની સાથે ન્યુઝીલેન્ડ ગયા છે. પરંતુ જતી વખતે તેમના પત્નીને ડીલીવરીનો સમય નજીક હતો તેથી પૂ. મા અવારનવાર તેમની ચિંતા કર્યા કરતાં હતાં. વળી તેઓ પહેલી જ વખત પરદેશ જતા હતા તેથી હિમાંશુને છેક મુંબઇ સુધી પૂ. માએ વળાવવા મોકલ્યો હતો. શ્રી ચરણોમાં શ્રદ્ધા ભક્તિ ધરાવનાર સૌ જીવોની પૂ. મા રક્ષા કરે છે. પ્રેમની સંજીવનીથી શ્રદ્ધાભકિતની કયારીને ચેતનવંતી રાખે છે.

સુરતથી સંધ્યાબેન પણ ભકત મંડળીમાં સામેલ છે. સંધ્યાબેન પોતાના અનુભવની વાત કરતાં કહે, "મેં હજુ સુધી ગંગાજીના દર્શન કર્યા ન હતા તેથી ગંગાદર્શનની ખૂબ જ ઇચ્છા હતી. હું દરરોજ ઘેર પૂજામાં જે ગંગાજળની લોટી રાખી હતી તેને ભાવપૂર્વક પ્રાર્થના કરતી કે હે મા ગંગા! તમારાં દર્શન કરવાં છે તો મારી ઇચ્છા પૂર્ણ કરજો. એટલે ગંગામાએ મારી સાચા દિલની પ્રાર્થના સાંભળી. મારી પર બેવડી કૃપા કરી. હરિદ્વારમાં ગંગાજીનું દર્શન અને તે વળી પૂ. માના સાન્નિધ્યમાં". સંધ્યાબેનની ગંગાજીની શ્રદ્ધા વાત નીકળતા પૂ. મા કહે "મા ગંગા ચિન્મય છે. અમે પણ ગંગાજીને ઋષિકેશમાં અર્ધ્ય ધર્યો હતો તે ગંગાજીએ અમે દૂર બેઠાં હતાં ત્યાં આવી સ્વીકારી પાછાં સ્વસ્થાને



ચાલ્યા ગયાં હતાં." ગંગાજીની અલૌકિકતાના અનેક પ્રસંગોના સ્વાનુભવો અવારનવાર ટાંકતા રહે છે.

પૂ. માના સાન્નિધ્યમાં પ્રેરણાદાયી પ્રસંગોની વણઝાર ચાલ્યા જ કરે છે. પૂ. મા કહે કે કોઇ આપણો વિરોધ કરતા હોય તો પણ આપણા દિલમાં તેમના પ્રત્યે કોઇપણ જાતનો પૂર્વગ્રહ હોવો ન જોઇએ. ચંચલ મનોવૃત્તિ ધરાવતા એક બેનની વાત કરતાં પૂ. મા કહે કે તેમના વિરોધાભાસી વલણ વચ્ચે પણ મેં તેમને પ્રેમપૂર્વક પ્રસાદી મોકલી તો આશ્ચર્ય વચ્ચે તે બેનના મનોભાવ પલટાયા અને પ્રેમપૂર્વક પ્રસાદી સ્વીકારી. પૂ. મા કહે, "કોઇના પ્રતિ સાચા દિલના ભાવો વહાવીએ તો તેના જડ મનોવલણમાં જરૂર પલટો આવે. પછી હસતાં કહે, "આડા ચાલતા લોકોની અમને વધારે ચિંતા હોય છે."

અત્યારે રાત્રિના દશ વાગ્યા છે. પૂ. માના શરીરમાં અત્યારે તાવ છે છતાં ભકતોના આત્મિક આરોગ્યની ચિંતા કરતાં પ્રેરણાનાં ઔષધ પાયા કરે છે. ભકતો ઇચ્છે છે કે પૂ. મા હવે આરામ કરે તો સારૂ પરંતુ પૂ. માને આરામની કોઈ ઉતાવળ નથી. પ્રભુસ્મરણમાં જ જેમનો આરામ સમાયો છે એવાં પૂ. મા ગંગાજીની આરતીમાં રત બની ગયાં છે.

"જય જય જય શ્રી ગંગામાતા ભાગીરથ વંદુ તને."

*——*

(ટાઈટલ ૨ નું અનુસંધાન)

૨૫ પ્રાગજી રણછોડજી લાડ, નવસારી.

૫૧ સૌરભ વિનોદચંદ્ર ત્રિવેદી, એમ. એસ. એસ. સી. માં પાસ થતાં.

૫૧ સુશીલાબેન ઠાકોર, પૌત્રી યોગેશ્વરીના જન્મદિન નિમિત્તે.

# ખેડૂતોને વિવિધ પ્રકારની જાહેર કરાયેલી સહાય યોજનાઓ : (સબસિડી)

૧, સિંચાઈના દરમાં નોંધપાત્ર લાભ : જાહેર સિંચાઈ માટે ખેડૂતો પાસેથી એક હેકટર દીઠ આર્થિક દર રૂા. ૨૪૦૦ને બદલે માત્ર રૂા. ૨૦૦ લઈને આ રીતે દરવર્ષે રૂા. ૯૨ કરોડની સબસિડી ખેડૂતોને આપવામાં આવે છે.

પાતાળકૂવા દ્વારા સિંચાઈ માટે હેકટર દીઠ રૂા. ૩૫૦૦ ને બદલે રૂા. ૧૮૦૦નો દર લેવામાં આવે છે જે હેઠળ દર વર્ષે રૂા. ૧૭ કરોડની સબસિડી ચૂકવવામાં આવે છે. આ રીતે ખેડૂતોને સિંચાઈ માટે રૂા. ૧૦૯ કરોડની સબસિડી ઉપલબ્ધ છે.

૨, ઓછા દરે વીજળીનો લાભ : ગુજરાત વિદ્યુત બોર્ડને વીજળીના ઉત્પાદન ખર્ચ યુનિટ દીઠ ૮૩ પૈસા આવે છે તેમ છતાં ખેડૂતોને ૩૫ પૈસાના દરે ૫૧.૨ કરોડ યુનિટ પૂરા પાડાયા અને બાકીના યુનિટ ૭૦ પૈસે પૂરા પાડીને રૂા. ૪૦ કરોડની સબસિડી અપાઈ છે.

૩, ટેકાના ભાવ માટે અભિયાન : ખેડૂતોને તેમના ઉત્પાદનના પૂરતા ભાવો મળી રહે તે માટે સરકાર સતત જાગૃત છે જ્યારે પણ ખેત ઉત્પાદનોના ભાવો ટેકાના ભાવ કરતા નીચા ગયા છે ત્યારે ત્યારે સરકારે ખેત ઉત્પાદનોની ખરીદી કરી ખેડૂતોને પૂરતા ભાવો આપ્યા છે. છેલ્લા બે વર્ષમાં કપાસના ભાવ ટકાવવા પાછળ ૨૬ કરોડની ડુંગળી માટે ૮૪ લાખની તેમજ તમાકું પાછળ રૂા. ૪ કરોડની સહાય.

૪, ઈનપુટ કિટ્સન વિતરણ : સુધારેલાં બિયારણો અને ખાતરો ધરાવતી ઈનપુટ કિટ્સ અનુસુચિત જાતિઓ અને જનજાતિઓના ખેડૂતોને ૫૦ ટકાના વળતર દરે વહેચવામાં આવે છે.

૧૯૮૫–૮૬ દરમ્યાન ૧.૮૩ લાખ ખેડૂતોને કિટ્સની વહેંચણી



દ્વારા રૂા. ૧.૬૭ કરોડની સહાય. દરેક કક્ષાના ખેડૂતોને વિવિધ યોજનાઓ હેઠળ સુધારેલ વિવિધ બિયારણોની ૧.૨૪ લાખ મીની કિટ્સ રૂા. ૧.૫ કરોડના ખર્ચે વિનામૂલ્યે વહેંચવામાં આવી હતી.

૫, પાક સંરક્ષણ માટે સહાયની યોજના હેઠળ તેલીબિયા કઠોળ, શેરડી કપાસ જેવા પાકોના રક્ષણ માટે જંતુનાશક દવાઓ તેમજ સાધનો માટે ૧૯૮૫–૮૬ના વર્ષ દરમ્યાન રૂા. ૨.૭૯ કરોડની સહાય કરવામાં આવી હતી.

૬, કૃષિ ઓજારો તેમજ ઉત્પાદક અસ્કયામતો માટે સહાય–ખેતીની ઓજારો બળદ, પાડાઓ, બળદગાડીઓ વગેરેની ખરીદી માટે અનુ. જાતિઓ તથા અનુ. જન જાતિઓના ખેડૂતોને સબસિડી પેટે ૧૯૮૫–૮૬ ના વર્ષ દરમ્યાન ૩૭૪૧ કૃષિ સાધનો, ૨૯૩૦ બળદગાડીઓ અને ૨૩૪૧ બળદપાડઓ કુલ–રૂા. ૪૩ લાખની સહાય પુરી પાડવામાં આવી હતી.

૭, કૂવા–પંપસેટ માટે સહાયની યોજના હેઠળ અનુ. જાતિ અને અનુ. જનજાતિના ખેડૂતોને કૂવાઓ પંપસેટ અને પાઈપ લાઈનો માટે સબસિડી આપવામાં આવે છે ૧૯૮૫–૮૬ દરમ્યાન આ માટે રૂા. ૨૪.૯૧ લાખ ખર્ચાયા હતા. આ ઉપરાંત ખેડૂતોને પિયતમાટે સ્પ્રકલેટ ભેટ ખરીદવા સબસિડી પેટે ૧૯૮૫–૮૬ દરમ્યાન રૂા. ૨૭.૮૯ લાભ ચૂકવવામાં આવ્યા હતા.

૮, જમીન અને જળસંરક્ષણના કામો માટે ખેડૂતોને ૫૦ ટકા સબસિડી આપવામાં આવે છે.

૯, પશુપાલન : દૂધાળાઢોર તેમજ મરઘાં–બતકાં એકમોની ખરીદી માટે ગરીબ ખેડૂતોને સહાયકની યોજના અન્વયે ૧૯૮૫–૮૬ ના વર્ષ દરમ્યાન રૂા. ૫૬.૯૬ લાખની સહાય પૂરી પાડવામાં આવી હતી.

૧૦, બાયોગેસ : ૧૯૮૫–૮૬ ના વર્ષ દરમ્યાન ઉભા થયેલ

( અનુસંધાન પાના ૬૦ ઉપર )

## * પંદરમી ઓગસ્ટની ઉજવણી *

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના પ્રાકટ્ય દિનની ઉજવણી તા. ૧૫–૮–૮૭ શનિવારે અમદાવાદ ખાતે પૂ. મા શ્રી સર્વેશ્વરીના સાન્નિધ્યમાં રાખવામાં આવી છે. જેમાં સવારે ૮ થી ૧૦ 'સત્યપથ'માં પૂ. શ્રીનું વ્યક્તિગત પૂજન ૧૦–૦૦ વાગ્યાથી મધુરીકાબહેન હોલ નવરંગપુરા ખાતે કાર્યક્રમ રહેશે. તેજ દિવસે ૧૧ થી ૧૨ જાણીતા લોક કલાકાર શ્રી ભીખુદાન ગઢવી પૂ. શ્રીના જીવનપર આખ્યાન કરશે. તા. ૧૬ મીએ પણ મધુરીકાબહેન હોલમાં જ કાર્યક્રમ રહેશે. જેમાં જન્માષ્ટમી નિમિત્તે ગીતાપાઠ અને ભજન–ધૂનનો કાર્યક્રમ રહેશે.

ઉજવણી કાર્યક્રમ બે દિવસનો તા. ૧૫ અને ૧૬ ઓગસ્ટનો રહેશે. સાધકોએ પોતપોતાની રીતે રહેવા–જમવાની વ્યવસ્થા ગોઠવી લેવાની છે, તેની નોંધ લેવી.

## * પૂ. શ્રીનાં પુસ્તકો *

પ. પૂ. યોગેશ્વરજીના સાધકોને રોજીંદા જીવનમાં ઉપયોગી થાય તેવાં પુસ્તકો–જેવાં કે સરલ ગીતા, શિવમહિમ્ન સ્તોત્ર, તેમજ વિષ્ણુસહસ્ર ગુજરાતી કાવ્ય અનુવાદોવાળાં ફરી છપાવીને પ્રસિદ્ધ કરવામાં આવ્યાં છે. સરલગીતા રૂા. ૫–૦૦ (પ્લાસ્ટીક જેકેટ) શિવમહિમ્ન રૂા. ૩. અને વિષ્ણુસહસ્ર રૂા. ૪. પોસ્ટે જ દરેક પુસ્તક દીઠ ૫૦ પૈસા ટપાલથી મંગાવનારાઓ માટે.

---

(પાના ૫૯ નું અનુસંધાન)

૧૩,૫૬૩ બાયોગેસ પ્લાન્ટદ્વારા રૂા. ૧.૭૬ કરોડની સહાય આપવામાં આવી હતી.

૧૧, સંકલિત ગ્રામ વિકાસ કાર્યક્રમ હેઠળના અને સીમાંત ખેડૂતો તથા ગરીબી રેખાનીચે જીવતા લોકોને પોતાના જીવનસ્તર ઉંચા લાવવા સહાય પેટે ૧૯૮૫–૮૬ ના વર્ષમાં એક લાખ લાભાર્થીઓને રૂા. ૧૦.૭૯ કરોડની સહાય આપવામાં આવી હતી.



(પાના ૧૬ નું અનુસંધાન)

એમણે કહ્યું છે. "પ્રેમ સહુ ઉપર રાખો, પણ આસક્તિ ક્યાંય નહિ. આસક્તિ કે મમત્વ સિવાય માણસ સાચો નિઃસ્વાર્થ પ્રેમી થઈ શકતો નથી"

પૂ. શ્રીનું સમગ્ર જીવન સમયબદ્ધ. નિશ્ચિત સમયે નિશ્ચિત કામ એ એમનું સૂત્ર. ટપાલ અને અખબાર એમના નિશ્ચિત સમયે જ વંચાય. લેખનના સમયે લેખન કરવાનું. હિમાલયની ૧૯૮૨ની અમારી યાત્રા દરમ્યાન, પૂ. શ્રી સવારે ૮–૦૦ નો સમય થતાં, રસ્તામાં ગાડી રોકી, ઝાડના છાંયે લખવા બેસી જતા. અઢી ત્રણ કલાક લખ્યા પછી આગળ મુસાફરી કરે. માને કે જનહિતાર્થે આટલું કામ કર્યું, હવે આપણને આજનો રોટલો ખાવાનો હક્ક પ્રાપ્ત થયો. સામાજીક ઋણ સ્વીકારની કેવી ઉત્તમ ભાવના! આજના લોકસેવકોમાંય ભાગ્યે જ એ જોવા મળે છે.

પૂ શ્રીનું સમગ્ર આચરણ કે વ્યહવાર વિવેકપૂર્વકના વિચારનું. કદી કોઇપણ વ્યહવાર વિવેકવિહીન ન લાગે. સાથે સાથે જીવનની શુદ્ધિ ને પવિત્રતાના એટલા જ આગ્રહી. ખાવા–પીવામાં પણ વિવેકપૂર્વકનો સંયમ. તેઓ કહેતા કે 'જે સ્વાદને જીતી શકતો નથી, તે ઇન્દ્રિયોનો સંયમ પાળી શકતો નથી.' આ કેટલું બધુ સાચું છે!

આમ માનવમાં જે જે ઉત્તમ તેનું મૂર્તિમંત આચરણ એટલે યોગેશ્વરજી. એથી જ અમે આ લેખના પ્રારંભમાં એમને યુગપુરુષ કહ્યા છે. આવા પુરુષો જ પોતાના જીવનવ્યહવારથી માનવને ઉત્તમ બનવાની પ્રેરણા પૂરી પાડે છે. એટલે જ એ મહાપુરુષના ચરણે–આ પ્રેમાંજલિનું પુષ્પ અર્પણ કરું છું. પૂ. માના શબ્દોમાં:–

શ્રી યોગેશ્વર ભગવાન, એ છે મારા જીવનના આધાર,
કરું છું એના ચરણે કોટિ પ્રણામજી.–કોટિ પ્રણામજી.

શ્રીયોગેશ્વરજીની આત્મકથાનો સંક્ષેપ

# પ્રકાશના પંથે

સં. પરમાર્થી

## સૌરાષ્ટ્રની યાત્રા અને ગાંધીજીનો અનુભવ

ઋષિકેશથી મહેસાણા આવ્યાં.

મહેસાણાનો નિવાસ એકંદરે ખૂબ આનંદપ્રદ રહ્યો. શ્રી નારાયણભાઇ ને સરસ્વતીબેનનો પ્રેમ ને વિશ્વાસ ખૂબ ગાઢ હોવાથી ત્યાં ઘર જેવું જ લાગતું હતું. એક મહિના ને એકવીસ દિવસના સુંદર નિવાસ પછી અમે રાજકોટ ગયાં. રાજકોટમાં શ્રી ચંપકભાઇને ત્યાં તેમની ઇચ્છા પ્રમાણે તેમના નવા મકાનમાં રોકાવાનું થયું. તેમના પ્રેમને લીધે હું ત્યાં ચોવીસ દિવસ રહ્યો.

તેમને ત્યાં સત્સંગ સારો ચાલતો. સત્સંગમાં એક નિવૃત્ત સરકારી કર્મચારી તેમની પત્ની સાથે આવતા. તે બેને મને પૂછ્યું હતું કે પૂર્વજન્મ સાચો કે ખોટો ? મેં તેમને ઉત્તર આપેલો કે પૂર્વજન્મની વાત સાચી છે. તેમણે કહ્યું, આ વાત કરવાનું કારણ એટલું જ છે કે મારે એક બાર વરસનો છોકરો છે. તેની પાંચ વરસની ઉંમરથી તે તેના પુર્વજન્મની વાત કર્યા કરે છે. તે સૌથી પહેલાં કહેતો કે તે પોતે પૂર્વજન્મમાં ગાંડો દરજી હતો ને વઢવાણમાં અમારી પાસે રહેતો. તે મને ધર્મની બેન માનતો. તેને સાધુસંતોનો સમાગમ ખૂબ ગમતો ને તેઓની સેવા કરતો. પછી તો તેનું મરણ થયું અને અમે અમારી નોકરી બદલવાથી અહીં રાજકોટમાં આવ્યાં, તે પછી તેનો જન્મ મારે ત્યાં થયો, એમ તે કહે છે. થોડી મોટી ઉંમર થઈ એટલે તે પોતાના પહેલાંના ઘેર વઢવાણ જવાની વાત કરવા માંડ્યો. અમે તેની



સાથે ગયાં. ત્યાં જઈને તેણે પોતાની પહેલાંની પત્નીને કહ્યું કે મરતાં પહેલાં બીજું બધું જ બતાવી દીધું હતું પણ ઘરમાં અમુક સ્થળે દાટેલું ધન છે તે બતાવવાનું બાકી છે. પછી તેણે ઓરડામાં એક સ્થળ બતાવ્યું. ત્યાં ખોદવાથી ખરેખર ધન નીકળ્યું. પછી અમે બધાં પાછાં આવ્યાં. હવે તે છોકરાની ઉંમર મોટી થવાથી તેને શરમ આવતી હોય કે પછી ગમે તે કારણ હોય, પણ પોતાના પૂર્વજન્મની વાતો તે નથી કહેતો.

રાજકોટમાં બીજા એક બહેન પણ આવતાં. તે અપરિણીત હતાં. તેમણે તેમના જીવનનો એક પ્રસંગ કહ્યો હતો. શ્રી રામકૃષ્ણ પરમહંસદેવના પ્રખ્યાત ચરિત્રકાર માસ્ટર મહાશયને મળવા તે પોતાની નાની ઉંમરે માતા સાથે કલકત્તા ગયાં હતાં. તે વખતે માસ્ટર મહાશય માંદા હતા. તેમની ઓસરીમાં તે બેને પગ મૂકયો કે તરત માસ્ટર મહાશય 'આઇયે બ્રહ્મ-ચારિણી' એમ બોલ્યા. તેઓ અંદર ગયાં તો માસ્ટર મહા-શયે તેમને કહ્યું, 'કયોં માતા, મૈંને કુછ જૂઠ તો નહિ કહા ?' માતાએ કહ્યું કે ના, સાચું જ કહ્યું છે. તે પછી તેમણે કેટલીક વાતો કરી ને છૂટા પડતી વખતે કહ્યું કે પ્રત્યેક શ્વાસમાંથી જ્યારે પ્રભુનું નામ નીકળશે ત્યારે તમારું બ્રહ્મચર્ય સફળ થશે. માસ્ટર મહાશયની મહાન સાધનાશકિતનો આ એક નમૂનો છે.

રાજકોટમાં એક ભાઈની ઈચ્છા મને આનંદાશ્રમ બતા-વવાની હતી તેથી અમે તેમની મોટરમાં રાજકોટથી વિદાય લીધી. મારી સાથે તારાબેન, ચંપકભાઈ તથા તેમના મિત્ર વલ્લભભાઈ હતા. સૌથી પહેલાં અમે ગોંડલ થઇને વીરપુર આવ્યાં. જલારામ ભગવાનની લીલાભૂમિનું દર્શન કરીને અમે જૂનાગઢ પહોંચ્યાં. ત્યાં બીલખાની બહાર ગિરનારની તળેટીમાં આનંદાશ્રમનું સ્થાન આવેલું છે. તે સ્થાન મહાત્મા

શ્રી નથુરામ શર્માએ તૈયાર કરેલું. ત્યાં રહેતા સંચાલકો પણ ભારે સેવાભાવી ને નમ્ર છે. તેમની સત્કારની ભાવનાની મારા પર ઊંડી છાપ પડી. જમી પરવારીને થોડીક વાતચીત કરી અમે બપોરે લગભગ ત્રણેક વાગ્યે ત્યાંથી વિદાય થયા ને છેવટે સાબરમતી પહોચ્યાં.

### સાંઇબાબાના અનુભવ પ્રસંગો

૧

મહેસાણાના નિવાસ દરમ્યાન સાંઇબાબાના દર્શન માટે વારંવાર પ્રાર્થના કરતો ત્યારે તેમનાં દર્શન કે અનુભવનો લાભ મળી રહેતો.

ડીસેમ્બર મહિનામાં એક ગુરુવારે મળસ્કે હું શ્રી સાંઇબાબાનું સ્મરણ કરતો હતો ત્યાં અચાનક મારી દૃષ્ટિ સાંઇબાબા પર પડી. તેઓ ગાદીની પાસે પલાંઠી વાળીને બેઠા હતા. મને ખૂબ આનંદ થયો. મેં તેમને પ્રણામ કરીને કહેવા માંડયું : 'પ્રભુ, તમે તો નીચે બેઠા છો. હું ઉપર બેઠો છું તે સારું ના કહેવાય.' તેમણે કહ્યું : 'ના, ના. કશી જ હરકત નથી. તમે જ્યાં છો ત્યાં જ બરાબર છો. પ્રેમ હોય ત્યાં ઊંચા નીચાની કાંઇ ગણતરી હોતી નથી. પરંતુ મારે તો તમને બીજી જ એક વાત કહેવાની છે.' 'શી વાત કરવાની છે?' મેં તેમને પ્રેમથી પૂછ્યું. તેમણે કહ્યું : 'આજે ગુરુવાર છે એટલે મારા માટે એક ગીત લખજો.' મેં કહ્યું : તે તો લખીશ. પણ તેના બદલામાં ફી આપવી પડશે.' 'શું" તેમણે પ્રશ્ન કર્યો. 'મને ફરીવાર દર્શન આપવું પડશે.' 'તે તો આપીશ જ.' કહીને તેઓ અદૃશ્ય થઇ ગયા.

( ક્રમશઃ )

## ચિત્તવર્ગ

[ ભગવાન બુદ્ધે જે ઉપદેશ કર્યો તેનાં વચનોનો સંગ્રહ જે પુસ્તકમાં છે તેને 'ધમ્મપદ' કહેવામાં આવે છે.]

આ ઉપદેશ વચનોના વિવિધ વિભાગોને 'વગ્ગ' કહેવામાં આવે છે.-જેનો અર્થ થાય છે વર્ગ. કુલ છવ્વીસ વર્ગો છે. આમાંનો બીજો વર્ગ-ચિત્તવર્ગ છે. જે દરેક મનુષ્યે રોજ વાંચીને વિચાર કરવા જેવો છે. એથી તેનો થોડો ભાગ અહીં આપ્યો છે.-તંત્રી ]

* પાણીમાં રહેનારા માછલાને પાણીમાંથી બહાર કાઢી જમીન ઉપર એક સ્થાનેથી બીજે સ્થાને ફેંકવામાં આવતાં તે જેમ તરફડે છે, તેમ કામવાસનાઓને છોડવાનું આવતાં આ ચિત્ત ભારે તરફડાટ કર્યા કરે છે.

* નિગ્રહમાં ન લાવી શકાય તેવા, ચંચળ અને સ્વચ્છંદી ચિત્તનું દમન કરવું જ સારૂં છે. દમન કરેલું ચિત્ત સુખકર નીવડે છે.

* ચિત્ત નજર માંડતાં પણ મહામુસીબતે નજરે ચડે એવું છે, ભારે ચતુર છે, સવિશેષ સ્વચ્છંદી છે, તેથી એવા ચિત્તને બુદ્ધિમાન પુરુષે બરાબર મર્યાદામાં રાખવું ઘટે. સુરક્ષિત રહેલું ચિત્ત સુખદાયી નીવડે છે.

* ચિત્ત દૂર દૂર સુધી ભટકનારૂં છે, એકલું એકલું ફર્યા કરે છે, અશરીરી છે, હૃદયની ગુફામાં સંતાઇ રહેનારૂં છે. જેઓ એ ચિત્તને સંયમમાં આણી શકશે, તેઓ માયાના બંધનોમાંથી મુક્તિ મેળવી શકશે.

'ધમ્મપદ'

# * ખાલી હાથે વિદાય લીધી નથી *

ધન્ય છે હિમાલય! તારી ગોદમાં આટલાં વર્ષો રહીને મારી કાયા પણ કૃતાર્થ થઇ ગઇ. જગતમાં મારૂં આવવું ને જીવવું સફળ થઈ ગયું! ધન્ય છે પતિતપાવની ગંગા! તારા પ્રદેશમાં વસીને મારી જુવાનીનો જે બધો કાળ આત્મકલ્યાણ અને વિશ્વહિતની સાધનામાં વીત્યો તે મહાન ફળદાયક બની ગયો. મારે માટે ગૌરવરૂપ ને સફળ થઇ ગયો. આ જગતમાં આવીને અનેક નિર્ધનની જેમ સ્ત્રી, ધન, ને વાહવાહમાં આસકત થઇને મેં ખાલી હાથે વિદાય લીધી નથી, પણ પ્રાચીન તપસ્વી ને ઋષિ મુનિઓની કૃપાથી જીવનની પરચી સીમાંજ તેમને પગલે ચાલીને પૂર્ણતાના પથની ઝંખના કરી છે, અને આવા અલૌકિક પ્રદેશમાં રહીને પ્રકાશ ને પૂર્ણ પ્રકાશની ઉત્તરોત્તર આરાધના આદરી છે. મારા જીવનને તમારી કૃપાથી આલોકિત કરજો ને તમારો સહવાસ આજીવન કાયમ રાખી તેમાંથી મેળવેલી શક્તિનો 'બહુજન સુખાય બહુજન હિતાય' અનેકને માટે ઉપયોગ કરજો, એજ માગું છું.

—યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ– પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર. ભાવનગર–૧
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ખારડીગેટ, ભાવનગર, ફોન : ૨૮૧૭૨